# गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૮૩૯૮ वर्गांक

पुस्तकनुं नाम જૂનાગઢ ને ગિરનારનો ભોમીઓ

विषय ૨૮ : ૨૩૪૯૨ ગાળ

# UNAGAD GIRNAR GUIDE.

# જુનાગઢ ગીરનારનો ભોમીઓ.

રચી છપાવી, પ્રસિદ્ધ કરનાર


**હરજીવનદાસ ન્યાલચંદ ભટ્ટ,**

**જુનાગઢ.**



પ્રત ૧૦૦૦. આવૃત્તિ પાંચમી.

સં. ૧૯૭૫ ના જેઠ શુદી ૧૧. સને ૧૯૧૯

શ્રી 'ગુજરાત' પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે

છાપ્યું: ઠે. પાંચકુવા—**અમદાવાદ.**


**કીંમત ૦-૪-૦.**

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૮૩૯૯

# પ્રસ્તાવના.

આ લઘુ પણ લોકો ઉપીયોગી પુસ્તકની પ્રથમ આવૃતી સં. ૧૯૭૦ માં કાઢવામાં આવી હતી. અને તે પછી અનુક્રમે બે ત્રણ અને ચાર એ પ્રમાણે આવૃતીઓ સુધારા વધારા સાથે પ્રસિદ્ધમાં મુકાઈ હતી. અને તે ખલાસ થઈ જવાથી આ પાંચમી આવૃતી પાંચ વર્ષની અંદર લોકોની માગણીથી બાહાર પાડવામાં આવીછે.

પ્રથમની આવૃતીઓની*પ્રસ્તાવનામાં જણાવ્યા મુજબ હિન્દુસ્થાનના અંદર સૌરાષ્ટ્રદેશ પૂર્વકાળથી ઘણોજ વીશ્વવીખ્યાત અને હીન્દુઓના દેવતાઇ સ્થળોવાળો ગણાયેલો છે. તેમાં આવેલો ગીરનાર પાહાડ એ હીન્દુઓનું યાત્રાનું મોટું ધામ છે. અને તે પાસે આવેલું પુરાણુ જુનાગઢ શહેર છે. આ બંને પૂરાણા અને ધર્મસ્થળ હોવાથી ત્યાં દર સાલ લાખો યાત્રાળુ અને મુસાફર લોકો આવે છે. પણ તે લોકો આ દેશના અજાણ હોઇને યાત્રાના નાના મોટા સ્થળો તેમજ ઇતીહાસીક પૂરાણી જગ્યાઓ, રસ્તાઓ પાહાડ ઉપર જવા માટેના ડોળીના સરકારથી મુકરર કરેલા દરો, સરકાર ચોકીના દરો વીગેરે બાબતોથી માહીતગાર કરાવા માટેજ આ પુસ્તક લખવામાં આવ્યું છે.

જે ખરીદનારને એક ભોમીયાની ગરજ સારવા ઉપરાંત જુના સ્થળોના ટુંક ઇતીહાસથી વાકેફ કરે છે. આવા કારણને લઇને લોકોને માનીતું થઈ પડવાથીજ તેની આટલી ખપતી જારી છે. અને તેજ તેની ઉપયોગતાની ખાત્રી આપે છે.

ગુજરાતી ભાષા જાણનાર શીવાય અન્ય ભાષા જાણનાર પણ ઘણા લોકો અહીં આવવાથી તેવા લોકોની માગણીથી હાલ તુરત બીજી આવૃતી હીન્દી ભાષામાં બાહાર પાડવામાં આવી છે. તેવીજ રીતે બીજી અન્ય મરાઠી ઇંગ્રેજી વીગેરે ભાષામાં તેના ભાષાન્તર કરી છપાવવા કોશીષ થાય છે. તે અનુકુળ સમયે બાહાર મુકવામાં આવશે.

| | |
|---|---|
| સંવત ૧૯૭૫ ના જેઠ<br>સુદી ૧૧ (ભીમએકાદશી)<br>સોમવાર | પ્રકાશક<br>**હરજીવનદાસ ન્યાલચંદ ભટ્ટ**<br>**જુનાગઢ.** |

# જુનાગઢ ગીરનારનો ભોમીઓ.

## પ્રકરણ ૧ લું.

ભરતખંડના પશ્ચીમાદી ભાગમાં કાઠીયાવાડ દ્વીપકલ્પ આવેલો છે. તે મધ્યેના સૌરાષ્ટ્ર પ્રદેશ વીશે કવીઓએ પાંચ રત્નો કલ્પેલાં છે. તે નીચે પ્રમાણેઃ—

**सौराष्ट पंच रत्नानी नदी नारी तुरंगमां।**
**चतुर्थे सोमनाथंच पंचमं हरी दर्शन् ॥**

(૧) નદી, (૨) નારી, (૩) ઘોડા, (૪) પ્રભાસપાટણ અને (૫) દ્વારકાં.

એઓ વખાણવા લાયક હોવાથી આ દેશ વિશ્વવિખ્યાત છે. તેમજ હિંદુઓનાં પ્રાચીન તીર્થો અને ગીરનાર પહાડથી પણ આ દેશ પ્રસીદ્ધીને પામેલો છે.

આ દેશનું પાટનગર જુનાગઢ તે તેના નામ પ્રમાણે અતી પુરાણું ઐતિહાસીક શહેર છે. જેની વસ્તી ૩૫૦૦૦ ને આશરે માણસની છે. તેને ફરતો કોટ છે. કુલ શહેરની લંબાઇ પુર્વ-પશ્ચીમ ૭૦.૧૩ તથા ઉત્તર રેખાંશ ૨૧.૧ ઉપર આવેલું છે.

શહેરની પુર્વાદિ બાજુએ "ગીરનાર પહાડ" અને ધારાગૃહ નામની બાગ આવેલાં છે.

શહેરની દક્ષણાદી બાજુએ " શહેર પરૂ " અને દાતાર તરફ જવાનો રસ્તો છે.

પશ્ચીમાદી બાજુ તરફ રેલ્વે સ્ટેશન અને રેલ્વે લાઇન આવેલાં છે.

ઉત્તરાદી બાજુ તરફ ઇંદ્રેશ્વર મહાદેવ તરફ જવાનો રસ્તો અને શકરબાગ નામની સુપ્રસિદ્ધ બાગ આવેલી છે.

આ શહેર જુનું પુરાણીક હોઇને તેનાં નામો જુદાં જુદાં છે તે નીચે પ્રમાણે.

(૧) કરણકુબજ (૨) મણીપુર (૩) ચંદ્રકેતુપુર (૫) રેવતપુર (૫) પૌરાનપુર (૬) દુર્ગ (૭) જીર્ણદુર્ગ (૮) જીર્ણગઢ (૯) ગીરીનગર (૧૦) નગર (૧૧) પુર્વનગર (૧૨) જીર્ણપ્રાકાર (૧૩) યવનગઢ (૧૪) મુસ્તફાબાદ (૧૫) જુનાગઢ.

## રાજકર્ત્તા.

આ રાજયના રાજા પ્રસીદ્ધ બાબી કુળના મુસલમાનો છે અને તે નવાબના નામથી ઓળખાય છે. હાલના નવાબ સાહેબ નામદાર મોહોબતખાનજીની બાળવયને લઇ માનવંતા બ્રીટીશ સરકારથી રાજ તંત્ર ચાલે છે.

જુનાગઢ જંકશન છે. ત્યાં આગળ વેરાવલ બંદર, વીશાવદર, કુતીયાણા અને મુંબઇ વગેરેથી આવતી ટ્રેનો ભેલી થાય છે.

આ રેલ્વે સ્ટેટની–સરહદની–સ્ટેટની સ્વતંત્ર છે તેનો વહીવટ સ્ટેટ તરફથી કરવામાં આવે છે.

રેલ્વેના ટ્રાફીક સાહેબની ઓફીસ સ્ટેશન ઉપરજ છે. સ્ટેશન ગામની લગોલગ આવેલું છે. વર્કશોપનું મકાન પણ ત્યાં આવેલું છે.

અને ત્યાં વર્કશોપનું શીક્ષણ પણ અભીલાષી લોકોને અપાય છે.

સ્ટેશન ઉપર પબ્લીક ગાર્ડનનો નાનો ચમન શહેરને શોભા આપતો પ્રથમ દર્શનીક નજરે આવે છે. સ્ટેશન ઉપર ગાડી ટાંગા (ઘોડાગાડી) વીગેરે ભાડાતનાં પુરતાં સાધનો મલી શકે છે. મુસાફરો તેમજ યાત્રાળુ લોકોને ઉતરવા માટે પ્લાટોમાં વીશીઓ વીગેરેનાં સાધનો છે પરંતુ ઘણીજ સગવડતાવાલી હીંદુ કોમના ઉંચ વર્ગને ઉતરવા માટે ગામની અંદર કનાવાવ નામની ઓળખાતી જગ્યા નજદીક મુંબઇના સુપ્રસિદ્ધ ભાટીયા ગૃહસ્થ શેઠ જીવરાજ દયાળની ધર્મશાળા સઘળી રીતે સોઇ વાળી છે.

## મુકરબો.

ગામમાં દાખલ થતાં મરહુમ નવાબ સાહેબ મહોબતખાનજીનો મુકરબો જોવા લાયક છે તે મકાંન હીંદી ઉંચી કારીગીરીથી ભરપુર હોઇને તેમજ મુસલમાની બાંધણીથી બંધાએલું હોઈ જુના બાદશાહઓના મકાનોનું સ્મરણ કરાવે છે. તે નજદીક જુમામસ્જીદ અને મહોબત મદ્રેશાનાં મકાનો આવેલાં છે.

## અદાલતો.

મુકરબાની સામી બાજુએ હાલના જમાનાને અનુસરતી હાલ બંધાએલી ન્યાયની કોર્ટો અને વરીષ્ટ કોર્ટો આવેલી છે. આ રસ્તો કોંઝરોડના નામથી ઓળખાય છે.

## જનરલ હોસ્પીટલ.

આ હોસ્પીટલ રાજ તરફથી સાર્વજનીક હીતાર્થે બંધાએલી છે. અને તેમાં સઘળાને રાજ્ય તરફથી મફત દવા મળે છે તેમજ

ગરીબ નીરાધાર સખ્ત બીમાર હોય તેમને ત્યાં રાખી સારી રીતે સારવાર અને માવજત સરકારી ખર્ચે રાખવામાં આવે છે ખોરાક કપડાં વીગેરેના બંદોબસ્ત પણ તેવા લોકોને ત્યાંથી કરી આપવામાં આવે છે હાલમાં આ હોસ્પીટલ રાજયને મોટે ખરચે નવીન બંધાયેલી છે.

## જનાના હોસ્પીટલ.

ફોંઝરોડના રસ્તા ઉપર જનરલ હોસ્પીટલની સામી બાજુએ હાલમાં સને (૧૯૧૩) માં આ હોસ્પીટલ નામદાર શહેનશાહ પાંચમા જયોર્જ તખ્તનશીન થયાની યાદગીરીમાં રૈયતના ફંડથી બાંધવામાં આવી છે, ત્યાં સ્ત્રીઓ માટે સારી સગવડતા સચવાય છે.

## બહાદુરખાનજી હાઇસ્કુલ.

આ હાઇસ્કુલ મરહુમ નવાબ સાહેબ બહાદુરખાંનજી "જી. સી. એસ. આઇ" ના વખતમાં તેમના નામથી ઇંગ્રેજી કેળવણી આપવા માટે બંધાવવામાં આવી છે. હાલમાં પણ તેમાં ઇંગ્રેજી અભ્યાસ કરતા છોકરાઓ ભણે છે. મકાન જમાનાને અનુસરતું સુશોભીત અને જોવા લાયક છે.

## બહાદુરખાનજી લાઇબ્રેરી.

આ મકાન હાઇસ્કુલની સામી બાજુએ આવેલું છે તે ઘણીજ સરસ ફેસનથી બંધાએલું છે અને જોવા લાયક છે તેના ઉપર કાચનું છાપરૂં બંધાવેલું છે તેથી વાંચનારને પ્રકાશ પુરો પડે છે.

તેની બાજુમાં અહિંની સ્વદેશી ચીજોનું અને પુરાણી મળી આવેલ ચીજોનું મ્યુઝીયમ (સંગ્રહસ્થાન) આવેલું છે. તે ઘણી સારી ગોઠવણી-થી ગોઠવાએલું છે. દેશી કારીગીરી અને પુરાણી ચીજો ઉપ-

શાંત અહિંનાં જુના વખતના ઉપરકોટનું ખોદકામ કરતાં નીકળેલી જણસો તેમાં જોવા માટે મુકવામાં આવેલી છે, આ લાઇબ્રેરીમાં કોઇપણ જાતની ફી વાંચવા જનાર લોકો પાસેથી લેવામાં આવતી નથી તેથી લોકોની સગવડતા સારી રીતે સચવાય છે.

## પોષ્ટ અને ટેલીગ્રાફ ઓફીસ.

આ મકાન બહાદુરખાનજી લાઇબ્રેરીની સામી બાજુએ આવેલું છે, અને ત્યાં તે ઓફીસને લગતું કામકાજ થાય છે. આ મકાન શહેરની મધ્યસ્થને લઈ ત્યાં લોકોની પુરતી સગવડતા સચવાય છે,

## પંચ હાટડી.

આ એક જુનાગઢની મધ્યસ્થળે આવેલો આબરૂદાર મેહેલ્લો છે. અને તેની આસપાસ ઘણે ભાગે ગ્રહસ્થોનાંજ મકાનો આવેલાં છે. અહિં ચોખી બ્રાહ્મણીઆ મીઠાઇ વેચનારાઓની દુકાનો છે.

## વૈશ્નવી સંપ્રદાયની હવેલી.

પંચ હાટડીમાં થઇ હવેલી લેનનો રસ્તો ચાલે છે. ત્યાંથી થોડે દૂર વલ્લભી સંપ્રદાયની હવેલી આવેલી છે. તે મહારાજશ્રીની માલેકીનો છે. તેના અંદર શ્રી દામોદરજી અને મદનમોહનજીની નીધ બીરાજે છે.

## દીવાન ચોક.

આ એક જુનાગઢની બજારનો દીવાન ચોકના નામથી ઓળખાતો ચોક છે તે ચોક પ્રથમ છાંયા બજારના નામથી ઓળખાતો હતો. પરંતુ મરહુમ દીવાન સાહેબ રાવબહાદુર દેશાઈ હરીદાસ વિહારીદાસની નિમનોક આ રાજયમાં થઇ ત્યારે પોતાની

ઓફીસનાં મકાન અહિં બનાવ્યાથી આ ચોક દીવાનચોકના નામથી ઓળખાવા લાગ્યો.

આ ઓફીસમાં હાલ બ્રાન્ચ કન્યાશાળા કરવામાં આવી છે. અહિં કટલરી, હોજીયરી અને ગાંધી લોકોની દુકાનો આવેલી છે.

## સૌરાષ્ટ્ર પોષ્ટ ઓફીસ.

દીવાનચોકના અંદર કન્યાશાળાના નિચેના ભાગમાં આ મકાન આવેલું છે. અહિં જનરલ પોષ્ટ ઓફીસની માફક એ રાજયના તમામ ગામોની અંદર અહિંની ટીકીટ લગાડવાથી કાગળ પત્રો વિગેરે લઇ જવા લાવવાની સગવડતા રાખેલી છે.

## સરકલ.

આ અર્ધ ગોળાકારથી બંધાએલો ચોક છે તેની અંદર કાપડ-વાળા વિગેરેની દુકાનો આવેલી છે, ચોકની વચોવચ ઘડીઆલનો ટાવર બાંધવામાં આવ્યો છે ત્યાં આગળ થઇ દાણા મારકીટની અંદર જવાય છે. સામી બાજુએ મરહુમ શાહજાદા શેરજુમાખાનજીનો આઈના મહેલ નામે ઓળખાતો મહેલ આવેલો છે તે જોવાલાયક છે.

## માંડવી ચોક.

આ ચોક મોટી બજારના નામથી ઓળખાય છે. ત્યાં શહેરના નામાંકીત સરાફ અને કાપડવાળાની દુકાનો છે. વચોવચ કસ્ટમ ખાતાની ઓફીસ છે. ત્યાં આગળ જતા આવતા માલની જગાત ચુકાવવામાં આવે છે.

## શાક મારકીટ.

માંડવી ચોકથી આગળ ચાલતાં આ મારકીટ બંધાએલી છે.

આ જુની ફેશનની બંધાયેલી હોઇ હાલના જમાનાને અનુસરતી જણાતી નથી તેથી બહુ વખાણવા લાયક નથી. ત્યાં તમામ જાતનાં લીલોતરી શાક તથા બહારના ભાગમાં લીલો મેવા ફ્રુટ વિગેરે મળે છે. તેના વેચનાર ઘણે ભાગે મુસલમાન લોકો છે.

## જગમાલ ચોક.

આ મહેલો ઘણે ભાગે વણીક કોમની વસ્તીથી ભરપુર છે. ત્યાં આગળ દીગંબર અને શ્વેતાંબરી પંથના શ્રાવક લોકોના દેવાલયો આવેલાં છે. તેમના કારખાનાઓની પેઢીયોનાં મકાનો પણ ત્યાં આવેલાં છે. તેમજ શ્રાવક લોકોની ધર્મશાળાના મકાનો પણ ત્યાંજ છે તે ભાગમાં તે લોકોની દરેક જાતની પુરતી સગવડતા રહેલી છે. મકાન વિશાળ અને સ્વચ્છ સારાં છે.

ઉપર લખી શ્રાવક લોકોની ધર્મશાળાઓ શા. પ્રેમાભાઇ હેમાભાઇ તથા બાબુની ધર્મશાળાના નામથી ઓળખાય છે. તે લોકની બંધાવેલી છે.

આ શ્વેતાંબરી દેરાંની આદીશ્વરની પ્રતીષ્ઠા માનસંગ ભોજરાજ તરફથી સ. ૧૯૦૧ માં થએલી છે. તે ડેરામાં હાલમાં ( ૧૯૭૦ ) માં જનરલ હોસપીતાલના પાયાનું ખોદ કામ કરતાં નીકળેલ નેમીનાથજી દાદાની મુરતીને પધરાવવામાં આવી છે.

## પ્રકરણ ૨ જું.

### જેલ.

સ્ટેશનથી પુર્વાદી બાજુના રસ્તા તરફ જતાં જેલરોડના નામનો રસ્તો છે તેના ઉપર સેંટ્રલ જેલનું મોટું મકાન આવેલું છે જેની બાંધણી ખરેખર જોવા લાયક છે તેમાં ભોંયરાની કૃતી બહુ સારી રીતે બનાવેલી છે તેમાં શીક્ષાપાત્ર થએલા કેદીઓ પાસે વણાટ વિગેરેનું કામ શીખવવા કરવામાં આવે છે અને તે ઘણું સારૂં થાય છે.

### નરસીંહ મહેતાનો ચોરો.

આગળ ચાલતાં જગપ્રસિદ્ધ નાગર હરીભક્ત નરસીંહ મહેતાનો ચોરો આવેલો છે તે તેના પુર્વજોનાં મકાન હતાં તેમ કહેવાય છે. આ જગ્યા પુરાણી અને ખરેખર જોવા લાયક છે. ત્યાં પક્ષીઓને ચણ પડે છે. આ મકાન હાલ વડનગરા નાગરોની જ્ઞાતીની માલેકીનું છે. ત્યાં આગળ સરદ પુનમને દીવસે રાસ રમાય છે.

### હીમજાનું મંદીર.

આ મંદીર નરસીંહ મહેતાના ચોરાની સામી બાજુએ આવેલું છે. તેનો દેખાવ જોતાં તે ઘણા જુના વખતનું બંધાયેલું હોય તેવું પુરાણું માલમ પડે છે. દેરાનું દ્વાર પશ્ચીમાદી બાજુએ આવેલું છે. ડેરામાં હીમજા માતાની મુરતી બીરાજે છે, આ સ્થળ ઝાલોરા નામે વણીક જ્ઞાતીની માલેકીનું છે અને તેને તે લોકો પોતાની કુળદેવી તરીકે માને છે તેમજ ઝાલોરા નામના બ્રાહ્મણ પણ તેમને વિશેશ માને છે,

આ મકાનમાં ધર્મશાળા વીગેરેની શોઇ છે. દર શાલ ભાદરવા સુદી ૬ ના રોજ ઝાલોરા જ્ઞાતી તરફથી હવન કરવામાં આવે છે.

## રામાનુરાજ મંદિર.

આ મંદીર નરસીંહ મહેતાના ચોરાથી દક્ષણાદી બાજુએ આવેલું છે. તેમાં શ્રી લક્ષમીનારાયણની મુરતી બીરાજે છે.

## સુખનાથ મહાદેવનું મંદીર.

આ મંદીર નરસીંહ મહેતાના ચોરાથી પુર્વાદી બાજુએ આવેલું છે અને તે ઘણું પુરાણું છે અને ત્યાં શ્રાવણ વદી ૬–૭–૮ ના દીવસોમાં મેળા ગામના માણસોને ભરાય છે.

## બારા સૈયદ.

આ મકાનો મુકરબા આકૃતીથી બંધાએલાં છે. અને તેમાં મહમદ બેગડાના વખતમાં થએલ લડાઇમાં સૈયદ જાતીના બારે ભાઇઓ આ એક જગ્યાએ સૈયદ (મરણ) થઇ ગયાનું જણાવવામાં આવે છે તેની આંહી બારે કબરો છે. તથા એક તેરમી કબર છે. તે તેના નગારચીની કબર હોવાનું કહેવાય છે.

## માઇ ગઢેચી.

આ એક હીંદુ સતી સ્ત્રી હોવાનું કહેવાય છે. અને તે યવનના ભયથી સતીત્વપણાના ભંગનો વખત નજીક આવતાં યવન વશ થતાં પહેલાં જમીનમાં સમાઇ ગએલ છે. અને પોતાના પાલવના છેડાને યવન સ્પર્શ થતાં ટુકડો ઉડી જઇ ત્યાં રહી ગયાનું કહેવામાં આવે છે. તે ટુકડો અદ્યાપી પર્યંત ત્યાં જોવામાં આવે છે. તેના ઉપર મુકરબા ફેશનથી મકાન બંધાએલું છે.

## ખાપરા કોઢીયાનાં ભોંયરાં.

આ ધારાનગર દરવાજાની નજદીક આવેલાં જમીનના પથરામાંથી કોતરી કાઢેલાં ભોંયરાંઓ છે તેના થાંભલા પગથી ચોક વીગેરેનું કામ જુના વખતની કારીગીરીનું ભાન કરાવે છે. આ ભોંયરાંઓ ખાપરા અને કોઢીયા નામના બે નામાંકીત ખબરદાર કુશળ ચોરોનાં મકાન હોવાનું કહેવાય છે આ લોકો ચોરી કરવામાં ઘણા પ્રવીણ હતા તે વીશેની ઘણી રસીલી જુની દંતકથાઓ કાઠીયાવાડમાં ઘણી કહેવામાં આવે છે.

## નવદુર્ગા.

આ જગ્યામાં નવ માતાજીની મુર્તી બીરાજે છે. અને તે નવદુર્ગા નામથી ઓળખાય છે. સ્થાન ઉંચાણવાળી જગ્યામાં બંધાએલું છે. ત્યાં એક સુંદર વાવ છે તે સ્થાન જોતાં રમણીક જણાય છે.

## ત્રવેણી ( નદી. )

આ નદીના અંદર ત્રણ પ્રવાહ ત્રણ નદીના ભેળા થાય છે તેથી તે ત્રવેણીના નામથી ઓળખાય છે. અને તે હીંદીઓનું પવીત્ર સ્થળ છે. નદી ઉપર ઘાટ બંધાયેલ છે નદીના અંદર એક કુંડ છે. ઘાટ ઉપર શીવાલયોનાં દેવળ બંધાયેલ છે ત્યાં શ્રાવણ વદી ૧૩–૧૪ (પ્રાચી) ના બે દીવસોમાં શહેરના લોકોનો મેળો ભરાય છે.

## જીવરાજ દયાળ ભાટીયાની ધર્મશાળા.

આ મકાન ત્રીવેણીને રસ્તેથી પાછા વળતાં ઉપરકોટના રસ્તા ઉપર જતાં માર્ગમાં આવે છે. પાસે કનાવાવ નામની વાવ છે. ઉંચ વરણના હીંદુઓને ઉતરવા માટે આ જગ્યા બાંધવામાં આવી છે. ઉતરનાર મુસાફરોને માટે શોઈ ઘણીજ સારી વખાણવા લાયક છે.

# પ્રકરણ ૩ જું.

## ઉપરકોટનો કીલ્લો.

શહેરની વચોવચ, જુના વખતનો બંધાએલો આ ' ઉપરકોટ ' નામનો કીલ્લો આવેલો છે, કીલ્લાની અંદર જવાને પુર્વાદી અને પશ્ચીમાદી બાજુ એમ બે દરવાજા આવેલા છે. હાલમાં પુર્વાદી બાજુનો દરવાજો બંધ રાખવામાં આવ્યો છે. પશ્ચીમાદી બાજુના દરવાજામાંથી આ કીલ્લાની અંદર દાખલ થવાય છે. દાખલ થવા માટે સરકારશ્રીની પરવાનગીની ચીઠી ચીફ રેવન્યુ ઓફીસેથી લેવાય છે. કીલ્લાને ફરતી ખાઇ છે. કીલ્લો જુનો અને જોવા લાયક છે. પુરાણું જુનાગઢ આ હતું એમ કહેવામાં આવે છે. ખોરાશાના શાહ કાળયવનના ભયથી મથુરાંથી નાશી આવેલા યાદવ કુળના રાજા ઉગ્રસેને આ કીલ્લો બંધાવ્યાનું કે'વામાં આવે છે. દરવાજાની અંદર પેસતાં શીલાની અંદર કોતરી કાઢેલી મોટી હનુમાનજી તથા ગણપતીની મુરતી દ્રષ્ટીગોચર થાય છે. તે જોતાંજ ધારમીક હીંદુ રાજ્યનું સ્મરણ કરાવે છે. ત્યાં આગળ પાણીની એક વાવ આવેલી છે. હાલ ત્યાં સરકારી સિપાઇઓનું થાણું રહે છે. આગળ ચાલતાં હાલના શહેરને પાણી પુરૂં પાડવા માટે ટાંકીઓ બાંધવામાં આવી છે. જેની અંદર ભવેશ્વર, ખોડીયાર અને ચામુન્દ્રીના તળાવનાં પાણી લાવવામાં આવે છે.

લોકોને મધ્યાનનો સમય જાણવા માટે હાલ બપોરનાં બાર બજે

એક તોપનો બહાર કરવામાં આવે છે. અને તે ઉંચાણવાળી જગ્યા હોવાથી આખા શહેરમાં સંભળાય છે.

## નવઘણ કુવો.

આ કુવો રાહ નવઘણના નામથી તેના વખતમાં બંધાયાનું કહેવામાં આવે છે. કુવો ઘણો મોટો અને વીશાળ છે. તેને ફરતું ભોંયરૂં કુવાની આસપાસ ગોળાકૃતિએ કોતરી કાઢી પગથીઆં બાંધી કુવાની અંદર જવાનો રસ્તો કાઢવામાં આવ્યો છે. આ કામ ખરેખર જોવા લાયક છે આ માર્ગની ખુબી એવી તો સરસ રીતે કરવામાં આવી છે કે બસો પાંચસો માણસો એકી હારે અવાર જવાર કરતાં પણ કશી હરકત પડતી નથી. તેમજ તેમાં મોટા બાકોરાં રાખવાથી જનાર માણસોને પુરતો હવા ઉજાશ મળી શકે છે વળી વિશેષ ખુબી એ છે કે ઉપરથી જોનાર માણસને અંદર જનાર માણસોની જવા આવવાની કશી સમજ પડી શકતી નથી તેમજ અંદર જતાં માણસોને થાક લાગે તો એક મોટો ચોક આવે છે ત્યાં આશરે સો માણસો એકીહારે બેશી શકે એવો ચોક છે.

## અડીચડી વાવ.

આ વાવ રાહ નવઘણની અડીચડી નામની બે દાસીઓએ બંધાવ્યાનું કહેવામાં આવે છે વાવ ઘણી મોટી અને ઉંડી તેમજ જોવા લાયક છે. આ તથા નવઘણ કુવાને માટે એવી કહેવત ચાલે છે કે

" અડીચડી વાવને નવઘણ કુવો,
ન જુએ તે જીવતે મુઓ "

આ કહેવત અડીચડી વાવ અને નવઘણુ કુવાની ઉત્તમતાની ખુબીનું ભાન કરાવે છે.

## તોપો.

આ કીલ્લાની અંદર બે મોટી તોપો આવેલી છે તે નીલમ અને કડાનારના નામથી ઓળખાય છે. તેના ઉપર ઉર્દુમાં તે તોપો બનાવનારના નામના લેખો છે.

નીલમ તોપની લંબાઈ ૧૭ ફીટ અને પરીધ ૭ા ફીટ છે. કડાનારનું બીજું નામ ચુડાનાર છે તે તોપ ૧૩ ફીટ લાંબી છે, માલેકયાઝે ઇ. સ. ૧૫૨૫ માં જુનાગઢનો થાણુદાર હતો. તે ગુજરાતના સુબા બહાદુરશાહના હુકમથી તે તોપ દીવથી લાવ્યો હતો આ નીલમ તોપના ઉપર બનાવનારનું નામ મહમદ હમઝા એ છે.

## જુમામશીદ.

આ કીલ્લાની વચોવચ આવેલી મોટી મજીદ તે જુમામજીદના નામથી ઓળખાય છે, આની અંદરના થાંભલા તથા મકાનની કારીગીરી જોવાલાયક છે. મકાન પુરાણું અને ભવ્ય છે તેની અંદર પાણીનાં ટાંકાં છે. ઉપર અગાશી છે તે ઉપરથી શહેરનો દેખાવ જોતાં બહુ રમણીય લાગે છે.

## ભોંયરાં.

આ કીલ્લાની અંદર આવેલાં જમીનમાંના મકાનો ભોંયરાંરૂપે દેખાય છે. તે જમીનના પથરમાંથી કોરી કાઢેલાં છે. અંદરની કારીગીરી જોવા લાયક છે.

## આલમ છજુ.

આ કીલ્લાની પુર્વાદી બાજુએ આવેલું કોટની અંદર મુકા-

એલું આલમછજા નામનું છજું છે તેના ઉપર નાની બારી છે તે ધકા બારીના નામથી ઓળખાય છે. તેની નીચે કોટની ચીનાઇ ઘણી છે. નીચે ખાઇ છે. પહેલાં શીક્ષાપાત્ર લોકોને એ બારીએથી આમલછજા ઉપર ઉભો રાખી ધકો મારી ફેંકી દઇ દેહાંત દંડની શીક્ષા કરવામાં આવતી હતી એવું કહેવામાં આવે છે.

## પ્રકરણ ૪ થું.

### પાંજરા પોળ.

ઉપરકોટની બહાર નીકળતાં ડાબા હાથ તરફ ગીરનાર જતાં ગીરનારરોડના નામથી ઓળખાતી સડક ઉપર ઉપરકોટની નજદીકના ભાગમાં આ મકાન આવેલું છે. આ મકાન મહાજનની દેખરેખ અને માલેકીનું છે. મરહુમ નવાબશ્રી ૭ રસુલખાનજી જી. સી. એસ. આઇ. ની પરવાનગીથી લોટરી કાઢી બંધાવવામાં આવ્યું છે; મુંગા અશક્ત વીગેરે પ્રાણીઓ (પશુ પક્ષીઓ) ની સંભાળ લેવા તથા નીભાવવામાં આવે છે.

### શ્રીરામચંદ્રજીનું મંદીર.

આ મંદીર પાંજરાપોળની સામી બાજુએ આવેલું છે તેમાં રામચંદ્રજીની મુરતી બીરાજે છે મંદીર નીચે ખેરાતી ગામ છે. તેની ઉપજ આ મંદીરના ખર્ચમાં વપરાય છે. આ મંદીર સાધુ લોકોની માલીકીનું છે. તેની પાસે છીનાળવાવ નામની વાવ આવેલી છે.

## ખાસ ચોક.

ઉપરકોટથી પાછા વળતાં જગમાલ ચોકમાં થઇ આ ખાસ ચોકના રસ્તા તરફ જવાય છે, આ ચોકની અંદર રસુલખાનજી જી. સી. એસ. આઈ. ના રાજયમહેલોનાં મકાનો આવેલાં છે. મરહુમ નવાબ સાહેબ રસુલખાનજીએ પોતાનો મહેલ મોટે ખર્ચે પોતાને માટે તૈયાર કરાવેલો છે હાલ તેમાં રાણીજી સાહેબનો નીવાસ છે.

તેની સામી બાજુએ કચેરીનું મકાન આવેલુ છે. તે સરકાર શ્રીની પરવાનગી ચીઠીથી જોવા જવાય છે. આ કચેરી જોવાલાયક છે, અને કચેરીની પાસે વજીર સાહેબ શેખમહમદ બાહાવદીનભાઈ હાશમભાઇ સી. આઈ. ઈ. નાં મકાનો આવેલાં છે. ચોકની વચોવચ ફુવારો છે. ચોક જોવાલાયક છે. ત્યાં ઓપીયમ (અફીણુ)ની મોટી ઓફીસ તથા વેચવાની દુકાન આવેલી છે.

## મ્હોટા દામોદરજીનું મંદીર.

ખાસ ચોકને રસ્તે થઇ દીવાન ચોકમાં થઇ ગાંધર્વ ફલીયાને રસ્તે જતાં આ મહેલમાં આ મંદીર આવેલુ છે. તે ઘણા વખતનું વૈશ્નવી સંપ્રદાયનું જુનું મંદીર છે. તેની અંદર શ્રીદામોદરજીની મુર્તિ બીરાજે છે. નૃસીંહ મહેતાને હાર પહેરાવનાર આ મુરતી છે. મુરતી પુરાણી અને ચમત્કારી છે. મુરતી નીચે “ **महाराजा राहु उग्रसेन महापुजा** એવો લેખ લખાએલો છે. યાદવ કુળના રાજા ઉગ્રસેને ઉપર કોટનો કીલ્લો બંધાવ્યાનું કહેવામાં આવે છે. તે પહેલાંની આ મુરતી હોવાનું આ લેખ ઉપરથી સાબીત થાય છે. પૂર્વેથી તેના

જુજયકો ગીરનારના જ્ઞાતીના બ્રાહ્મણો છે. હાલ પણ તે તેને માથે બીરાજે છે.

## હાટકેશ્વર મહાદેવ.

આ વડનગરા નાગર જ્ઞાતીની માલીકીનું મંદીર છે. તેના અંદર હાટકેશ્વર મહાદેવની મુરતી બીરાજે છે. આ દેવાલયમાં કબુતરને ગામના લોકો તરફથી ચણ નાંખવામાં આવે છે. સાધુસંતને ઉતરવા માટે ધર્મશાલા છે. અને તે લોકોને સદાવૃત મળે છે.

## પદ્માવતી.

આ મંદીર હાટકેશ્વરની સામી બાજુએ આવેલું માતાજીનું મંદીર છે. તેમાં માતાજીની મુરતી બીરાજે છે. જે પુરાણું હોય તેવું જણાય છે. જમીનમાંથી કોરી કાઢેલું આ મંદીર છે તે ઘણું જોવા લાયક છે. ત્યાં આગળ આસો સુદી ૧ થી આસો સુદી ૯ સુધી નવરાત્રીના દહાડામાં ગરબા ગવાય છે.

## સ્વામીનારાયણનું મંદીર.

આ મંદીર હાટકેશ્વરથી પાછા વળતાં નાગરવાડાની સડક તરફ થઇ કાળવા ગેટ તરફ જતાં રસ્તામાં આવે છે. મંદીરનું મકાન અને મંદીર ઘણી સુંદર બાંધણીથી મોટું શુશોભીત બાંધવામાં આવ્યું છે તેના અંદર ત્રણ શીખરનાં ત્રણ દેવાલયો બંધાયેલાં છે. એકમાં રાધા રમણની મુરતી બીરાજે છે. બીજામાં દુવારકાંનાથ અને ત્રીકમરાયની મુરતી બીરાજે છે. અને ત્રીજામાં રાધેશ્વર મહાદેવ મુરતીમાન પાર્વતીજી સમીત બીરાજે છે. તે લોકોના સાધુસંતના ઉતારા વગેરેની તથા રહેવાની શોભ સારી છે.

## કાળવા ગેટ.

નાગરવાડાના રસ્તેથી આગળ ચાલતાં કાળવાગેટ નામનો દરવાજો આવે છે તે આ દરવાજાની પાસેનો મહોલો વસ્તીથી ભરપુર છે. ત્યાં આગળ મોટો ચોક છે. તે ચોકના અંદર પાંચ મોટી સડકોના પાંચ રસ્તાઓ ભેળા થાય છે. ત્યાં આગળ પોલીસ ગ્યાટ છે. દીપડા વાવ નામની મોટી વાવ છે. આ વાવનું પાણી સુંદર હોવાથી આસપાસના મહેલાવાળા લોકો બહોળો ઉપયોગ કરે છે. ત્યાં આગળ રશુલખાનજી નાટકશાળા અને ગોદડવાળા બાવાનો અખેડો ( જગ્યા ) આવેલ છે. આ રસ્તેથી ગામબહાર પરાને રસ્તે જવાય છે. દરવાજા બહાર કાળવા નામની નદી ઉપર સ. ૧૮૮૪ માં ફરગ્યુસન નામનો પુલ બંધાયલો છે. ત્યાં આગળ એક ધર્મશાળા છે.

## કોલેજ.

કાળવાના પુલ ઉપરથી આગળ ચાલતાં કોલેજરોડ નામનો રસ્તો આવે છે. રસ્તેથી જતાં કોલેજનું મકાન આવે છે. તેની અંદર ઉંચા ધોરણના અભ્યાસકર્ત્તા વીદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. મકાન ઘણું સુંદર અને જોવા લાયક છે. તેને અંગે બોર્ડીંગો વીગેરેનાં મકાનો આવેલાં છે. તેની અંદર પરદેશી વીદ્યાર્થીઓને રહેવા વગેરેની સોઇ ઘણી સારી સચવાય છે. જુનાગઢની ઉંચી કેળવણીની ખુબીની આ એક નીશાની છે.

## ભુતનાથ મહાદેવ.

આ મંદીર કોલેજની સડકની સામી બાજુ ઉપર આવેલું દેવાલય છે તેના અંદર ભુતનાથ મહાદેવની મુરતી બીરાજે છે. દેવા-

લયની પાસે આંબલી તથા આમ્ર અત્રેની ઘટા હોવાથી સ્થળ ઘણું રમણીય લાગે છે. ગામથી થોડે દૂર હોવાથી સાંજે ફરવા જતાં ગામના ગ્રહસ્થો સાંજને વખતે દર્શનાર્થે ત્યાં જાય છે. અને પરદેશી સાધુસંતને ત્યાં આશરો મળે છે.

## સરસ્વતી માતાનું મંદીર.

આ મંદીર ભુતનાથની પાસે શીખરબંધી બંધાએલુ દેવાલય છે તેમાં શ્રીમાતાજીની મુરતી બીરાજે છે. અહિ આશ્વીન સુદી ૬–૭–૮ ને દીવસે મોટો મેળો ભરાય છે. તેમાં માતાજીની રવાડી ( વરઘોડો ) ચડે છે તેની પાસે સરસ્વતી નામનો કુંડ છે, તે હીંદુ ધાર્મીક બાંધણીથી બંધાએલો છે. આ કુંડ તથા દેવાલય નાગર જ્ઞાતીના ગ્રહસ્થ દીવાન રણછોડજીનું બંધાવેલું છે.

## પરીનું તલાવ.

આ રસ્તેથી આગળ ચાલતાં મોતીબાગ નામનો શુશોભીત સરકારી બાગ આવે છે. વૃક્ષરચના વીગેરેનું કામ જોવાલાયક છે. તેમાં થઇ પરીના તળાવ ઉપર જવાય છે. તળાવને ફરતી બાગ આવેલી છે. તળાવ ઉંડુ, વીશાળ અને ફરતું બાંધેલું છે. તેમાં પડછંદો ઘણો તીવ્ર પડે છે તેથી ત્યાં જોવા જનાર લોકો બુમ પાડી પડછંદાના અવાજથી આનંદ અને ગમત મેળવે છે.

## શાહેરનું પરૂં.

આ પરાની અંદર બાબી નવાબ સાહેબ મહોબતખાનજીનો બંગલો જેને મહોબત મંઝીલ કહે છે, નામદાર એડમીનીસ્ટ્રેટરનો બંગલો જેને હજુર મંઝીલ કહે છે. હજુર આસીસ્ટંટનો બંગલો

હજુર ઓફીસ, પોલીસ સુપ્રી. સાહેબનો બંગલો, ચીફ ઈજીનીયરનો બંગલો, ચીફ જયુડીશીઅલનો બંગલો તથા દેસાઇ ભગવાનલાલ કેશવલાલનો બંગલો, ન્યુગેઇટસ હાઉસ વીગેરે વીગેરે મકાનો આવેલાં છે. તથા પંચેશ્વર મહાદેવ અને આણુદેવશ્વર મહાદેવના દેવાલયો આવેલાં છે. પરાની હવા તથા શોભા જમાનાને અનુસરતી સારી છે. સડકોની બંને બાજુએ વૃક્ષોની હારો રાખી શોભામાં વધારો કરવામાં આવ્યો છે.

ત્યાંથી પાછા ફરતાં કાળવા દરવાજા પાસેથી દાતાર રોડ તરફ જવાય છે.

## રક્તપીતાલય હોસ્પીટલ.

કાળવા દરવાજેથી પુર્વાદી બાજુએ જતી સડકેથી દાતાર જવાય છે. આ રસ્તાને જમીયલ શાહ[1] નો ચીલો દાતાર રોડના નામથી ઓળખાય છે.

આગળ ચાલતાં રક્તપીતાલય હોસ્પીટલની સ્થાપના સં. ૧૮૯૪ માં રક્તપીતના રોગવાળાને અહિનાં હવાપાણી સારા હોવાથી કરવામાં આવી છે.

આ હોસ્પીટલ જમીયલ શાહના તળાવ ઉપર રાજયના ખર્ચે બંધાવેલી છે. અને તે નીભાવવામાં આવે છે. અહિં રક્તપીતવાળા દરદીયોની સારવાર ઘણી સારી રીતે કરવામાં આવે છે. તેમજ

(૧) નોટ જમીયતશાહ માટે એવું કહેવાય છે કે તે સીંધમાં આવેલ નગરઠઠ્ઠેથી અહિં રાહ મંડલિકના વખતમાં શાહે તેને મુસલમાની ધર્મ સ્થાપવા મોકલેલા હતા.

ગરીબ દરદીઓને કપડાં અને ખોરાક સ્ટેટ તરફથી પુરો પાડવામાં આવે છે. આવા દરદીઓ દાતારના સુવાલીયોના નામથી ઓળખાય છે.

## નાના દાતાર.

રક્તપીતાલય હોસ્પીટલથી થોડે દુર જતાં નાના દાતારની જગ્યા આવે છે. ત્યાં મકાન બાંધેલું છે. મકાનની અંદર પીરની ધર્મશાળાઓ છે. પાણીનું પરબ છે. જતાં આવતાં લોકો આ જગ્યાએ વિશ્રામ લે છે. આગળ ચાલતાં મોટે દાતાર જવાનો રસ્તો છે. આ રસ્તો હેરીસન રોડના નામથી ઓળખાય છે. ત્યાં સારકુવા નામનો પ્રસીદ્ધ કુવો છે.

ત્યાંથી મોટાદાતારના પગથીયાં બાંધેલાં છે. ત્યાંથી ઉપર ચડાય છે આગળ ચાલતાં કોયલા વજીર અને શકરીયા કુઇ નામની માર્ગમાં કુઇ (ખાઇ) આવે છે તથા ચીથરીયા પીરની જગ્યા આવે છે ત્યાં સુંદર વાવ છે. આ રસ્તેથી ઠેઠ ટેકરી સુધી જવાય છે.

આ ટેકરી દાતારની ટેકરીના નામથી ઓળખાય છે. ત્યાં આગળ દાતારનું સ્થાનક છે. પાણીનાં ચસ્માં છે (ટાંકી) આ જગ્યાએ લોક વર્ગના હીંદુ અને મુસલમાન લોકો ઘણે લાંબે દુરથી માનતાએ આવે છે. તારીખ ૧૦ મી રવેઉલના રોજ અહિં મોટો મેળો ભરાય છે જેમાં આશરે લગભગ એક હજાર માણસની સંખ્યા થાય છે.

# પ્રકરણ ૫ મું.

પરામાંથી પાછા ફરતાં ગામની અંદર દાખલ થઇ કડીયારોડને રસ્તે જતાં ભીડભંજન મહાદેવનું મંદીર આવે છે તેમાં ભીડભંજન મહાદેવની મુરતી છે. *વીશળવાવ નામની મોટી વાવ છે. તે ઉપર આ મકાન બંધાયેલું છે. આ મહાદેવને મોઢ વણીક નામના વણીકો વિશેષ માને છે. પારેવાંને ચણ નાંખવાનું સ્થળ છે ત્યાંથી આગળ ચાલતાં ગીરનાર રોડના નામથી ઓળખાતો મોટો રસ્તો આવેછે. તે રસ્તા ઉપર માણેક પંચેશ્વર તથા જયાદોલતેશ્વર મહાદેવની જગ્યા અને ધર્મશાળાઓ આવેલી છે. તેની પાસે ગોધાવાવ નામની મોટી વાવ છે તેના ઉપર રામચંદ્રજીનું મંદીર છે, ને તેમાં દામોદરજીની મુરતી બીરાજે છે. સાધુસંતને સારૂં સનમાન મળે છે. જગ્યા નીચે આજીવીકા સારી છે. જગ્યા સુંદર અને જોવાલાયક છે. થોડે નજદીક આગળ ચાલતાં સલાટવાવ નામની વાવ આવે છે તેની પાસે સત્યનારાયણનું મંદીર છે તેમાં સત્યનારાયણની મુરતી બીરાજે છે. સામી બાજુએ રામચંદ્રજીનું મંદીર છે તેના અંદર રામચંદ્રજીની મુરતી બીરાજે છે અને તે જગ્યા રામ ઝરોખાના નામથી ઓળખાય છે. ત્યાં ગામનો ગીરનાર ગેટ નામનો દરવાજો આવેલો છે ત્યાંથી આગળ ચાલતાં વાઘેશ્વરી માતા તરફ જવાનો રસ્તો આવે છે.

---

* આ વાવ રાહખેંગારના ભાણેજ વીશળદેવના નામથી બંધાએલી છે તેથી તેનું નામ વીશળ વાવ રાખેલું છે.

## વાઘેશ્વરી માતા.

આ જગ્યા ગામથી થોડે દુર ડુંગરમાં આવેલું માતાજીનું મંદીર છે ત્યાં વાઘેશ્વરી માતાજીની મુરતી વાઘ ઉપર બીરાજે છે. તેનું શીખરબંધ દેવળ છે. ગીરનાર રોડ ઉપરથી વાઘેશ્વરી માતા તરફ ડુંગરમાં જતો રસ્તો કાળા પથરથી બાંધેલો છે. દેવળની પાછળના ભાગમાં એક કુંડ છે. દેવળ પાસે એક વાવ છે. દેવળની અંદર ધર્મશાળાઓ છે. આ દેવળથી થોડે દુર ઉંચે ડુંગરમાં મોટી વાઘેશ્વરી માતાનું સ્થાનક છે. આહિંયાં આશ્વીન સુદી ૧ થી આશ્વીન સુદી ૯ સુધી મોટો મેળો ભરાય છે. આ જગ્યાની માલીકી સોની લોકોની નાતની છે.

## લક્ષ્મણ ટેકરી.

વાઘેશ્વરી માતાના રસ્તાથી થોડે દુર આગળ ચાલતાં લક્ષ્મણ ટેકરી પર જવાનો રસ્તો આવે છે. આ રસ્તેથી લક્ષ્મણ ટેકરી ઉપર જવાય છે. આ એક ડુંગરની ટેકરી છે ઉપર ચડવાનો માર્ગ સાધારણ છે થોડે દુર ચડયા બાદ એક સુંદર જગ્યા આવે છે ત્યાં કુંડ છે રહેવાનું સ્થાન છે વૃક્ષની ઘટા છે ત્યાં બાવો રહે છે બીજા પણ કેટલાક ફળ ઝાડો છે ત્યાંથી ડુંગરની ટેકરી ઉપર જવાય છે. આ ટેકરીને લક્ષ્મણ ટેકરા કહેવામાં આવે છે અને ત્યાં લક્ષ્મણજીની ડેરી છે.

## અશોકનો લેખ.

આ એક નામાંકીત એતીહાસીક જુની લીપીનો કાળા પથરની મોટી શીલા ઉપર લખાયેલો એક લેખ છે. અશોક અને

રૂદ્રદામા તેમજ ચંદ્રગુપ્તના વખતનો પુરાણો લખાએલો હોવાથી ઇતીહાસ ઉપર ઘણું અજવાળું પડે છે આ લેખનું પહેલું ભાષાંતર ઇ. સ. ૧૮૨૨ માં કર્નલ ટોડે કર્યું હતું ત્યારબાદ ઇ, સ. ૧૮૩૭ માં રેવરન્ડ દાક્તર જે. વીલસને છાપી લઈ કલકત્તાના મી. જેમ્સ પ્રીન્સેવને નકલ મોકલાવી જેણે તેનો તરજુમો કર્યો તે પછી એચ. એમ. વીલ્સન ઇ. બનોર્થ સીલેશન અને દાકતર એચ. કર્નલ એઓએ ભાષાંતર કરેલાં છે. તેના ઉપર મકાન બાંધી સંરક્ષણ કરવામાં આવ્યું છે.

## અશોકના લેખની આજ્ઞાઓનું ભાષાન્તર.

૧ "આ [1]દેવવત્સળ, રાજા પ્રીયદર્શીની આજ્ઞા છે—પશુ વધ બીલકુલ બંધ રાખવો અને ખુશબખ્તિની–કોઈ પણ મિજલસ ભરવી નહીં; કારણ કે દેવવત્સળ રાજા પ્રીયદર્શી જણાવે છે કે આવી મિજલસોમાં ઘણાં પાપ રહ્યાં છે. ખરેખર એવી એકજ મંડળી છે, જેને દેવવત્સળ રાજા પ્રીયદર્શીએ પસંદ કરેલી છે અને તે રાજા પ્રીયદર્શીની મહાન પાકશાળાની મિજલસ છે; પ્રતીદીન સદા ચરણુના કાર્ય અર્થે લાખો પશુને હલાલ કરવામાં આવે છે; પરંતુ હવે, જો કે આ ધાર્મિક આજ્ઞા પ્રસિદ્ધ કરવામાં આવી છે તે એવી રીતે કે સદ્રકાર્યોર્થે પશુવધ થઇ શકે અને આ પ્રમાણે રીવાજ ચાલે છે તો પણ તે રીવાજ દૃઢ નિશ્ચયાત્મક થએલો નથી તેથી એમ પ્રસિદ્ધ કરવામાં આવે છે કે આયંદે એઓને વધ નહીં કરવામાં આવે."

---

૧. દેવોનો પ્રિય.

૨. "રાજા પ્રિયદર્શીના અખિલ રાજયમાં તેમજ પડોશીરાજયમાં એટલે કે ચૌલ, પાંડય, સત્ય પુત્ર, કેરલ પુત્રના રાજયોમાં યુનાન દેશના રાજા "એન્ટાઇઓકસના તામ્રપર્ણી નામના રાજય પર્યંત અને તેના પાડોશી રાજાઓના રાજય પર્યંત વ્યાધિયુક્ત માણુસ અને પશુઓની સંભાળ કરવાનો રીવાજ જે રાજા દેવવત્સળ પ્રિયદર્શીને ચાલુ કર્યો છે તેનો અમલ સર્વત્ર કરવામાં આવ્યો છે; અને જે જે સ્થળે માણુસ અને પશુને માટે ઉપયોગી, રોગ નાશક, વનસ્પતિની તંગી હતી તે દરેક સ્થળે મોકલીને રોપાવી છે; અને જે જે સ્થળે મૂળીઆં અને મેવાની તંગાશ હતી તે સ્થળે મોકલીને તેમને રોપાવ્યાં છે; વળી તેણે માણુસ અને પશુઓના ફાયદા માટે રસ્તા ઉપર કૂવા ખોદાવ્યા છે અને ઝાડ રોપાવ્યાં છે."

૩. "રાજા પ્રિયદર્શી નીચે મુજબ ફરમાવે છેઃ—જીતેલા દેશમાં મને પટ્ટાભિષેક થયાંને ૧૨ વર્ષ થયાં હતાં ત્યારે મેં એમ આજ્ઞા કરી હતી કે—જે મારા કાયદામાં સંયુક્ત થયેલા હોય તે પછી મારી પોતાની પ્રજા હોય કે પરદેશી હોય તોપણુ તેઓમાં નીતિની ફરજો જેવી કે મા બાપ, મિત્ર, બાળબચ્ચાં, સગાંવહાલાં, બ્રાહ્મણો અને શર્વણો પ્રત્યે પોતાની ફરજનો અમલ કરવાને દરેક પાંચ વર્ષે પ્રાયશ્ચિત કરવું. ઉદારતા સારી છે; જીવતા પ્રાણીઓને ઈજા નહીં કરવી એ સારૂં છે, ઉડાઉપણું, અને પરનિંદાથી વિરક્ત રહેવું એ સારૂં છે. મંડળી પોતેજ ખુલાસો કરીને અને દાખલો બતાવીને અહીંયાં દર્શાવેલાં સદાચરણુનો ધર્મ નિષ્ટ માણુસને બોધ કરશે."

૪. "ગતકાળમાં ઘણા સૈકા થયાં પ્રાણિઓની જીંદગાની ઉપર હુમલ્લો કરવો, પ્રાણિઓને દુઃખ દેવું, બ્રાહ્મણો અને શર્વણોને માન

નહીં આપવું એ રીવાજ વધી પડયો છે. પણ હવે જયારે રાજા દેવવત્સળ પ્રિયદર્શી ધાર્મિકપણું ચલાવે છે ત્યારે તેનું નગારૂં ધાર્મિક માણસોને આમંત્રણરૂપ થયું છે; હાલમાં દેવના રથના, સ્વર્ગીય હસ્તિના, અને અગ્નિના ગોળાના દેખાવો તથા આકાશમાં બીજાં દુશ્ચિન્હો આગળ ઘણા સૈકા સુધી નહીં દેખાએલાં એવાં નજરે પડે છે. હવે ધાર્મિકપણાથી વર્તવા બાબતમાં રાજા દેવવત્સળ પ્રિયદર્શીના બોધથી પ્રાણીઓના જીવનું રક્ષણ કરવું, પ્રાણિઓ પ્રત્યે દયાથી વર્તવું. સગાં વહાલાનું માન જાળવવું, સાધુ બ્રાહ્મણનો સત્કાર કરવો, મા બાપ અને વડીલની આજ્ઞા પાળવી, એનો પ્રચાર વધ્યો છે. આ અને ઘણી જાતના સદાચારના પ્રચારની હજી વૃદ્ધિ કરશે તેમજ રાજા દેવવત્સળ પ્રિયદર્શીનાપુત્ર, પૌત્ર; અને પર પૌત્ર, સદાચારના સુધારાની વૃદ્ધિ કરાવશે; સૃષ્ટિનો પ્રલય થતાં સુધી સદાચાર અને નીતિમાં દૃઢ ઉભા રહીને તેઓ સદાચારનો બોધ કરશે; સદાચારનો બોધ કરવો એ ખરેખર ઘણું ઉમદું કાર્ય છે અને જે અનીતિવાન હોય છે તેના તરફથી સદાચરણમાં ચાલવાની આશા બાંધી શકાતી નથી. તેટલા સારૂ આવી બાબતમાં ઘટાડો નહીં પણ વધારો સારો છે; એવી મતલબથીજ આ લખવામાં આવેલ છે; તેથી વૃદ્ધિ કરવાને અંતઃકરણ પૂર્વક એઓએ ધ્યાન આપવું અને તેનો ઘટાડો કરવાને નેમ ન રાખવી. રાજા દેવવત્સળ પ્રિયદર્શીને આ પોતાના પટ્ટાભિષેક પછી બારમે વર્ષે લખાવેલી છે."[1]

૫. "દેવવત્સળ રાજા પ્રિયદર્શિન આ પ્રમાણે જાહેર કરે છેઃ–સદાચારથી વર્તવું દુર્લભ છે માટે મારે, મારા પુત્રોએ, અને મારા

---

૧. આ અને છઠી આજ્ઞા ડાકતર કર્નના તરજુમા ઉપરથી લખેલી છે.

પરપૌત્રોએ ઘણો ફાયદો કરવો, અને દરેક યુગમાં મારી ઓલાદે તેને અનુસરીને ચાલવું તેથી જેઓ તેમની નકલ કરશે તે સુખ ભોગવશે. અને જેઓ તે રસ્તો છોડી દેશે તેઓ દુઃખ પામશે. દુરાચરણ કરવો સહેલો છે, તેટલા માટે મને પટ્ટાભિષેક કર્યાના છેલ્લા વર્ષમાં સદાચરણની વૃદ્ધિ અર્થે અને સદાચાર્યના સુખ અર્થે "કમબોધ," "ગંધાર," "રાશત્રિક, " "પિતેનિક," દેશના લોકો ઉપર સઘળા ધર્મનાં લોકોના સદાચરણના નિયંત થવા માટે મેં ધર્મ–મહામંત્ર એટલે સદાચાર ખાતાના મોટા અમલદારો નીમ્યા છે. બિનહરકતે, સુશિળના સુખ અર્થે, યોદ્ધાઓ બ્રાહ્મણો, ભિક્ષુકો, નિરાશ્રિત, વીગેરેમાં તેઓનો પ્રચાર કરવામાં આવશે, જેથી ધાર્મિક બોધકોએ પવિત્ર જ્ઞાનના સાધનથી જેમને બાંધેલા છે તેઓ બંધન મુક્ત થાય, તથા જેમનો નિગ્રહ કરેલો છે તેઓ છૂટા થાય; તે અમલદારોએ મારા ભાઇ અને બહેનના કિલ્લા તથા શહેરોમાં જવું તેમજ જ્યાં મારા કોઇ વહાલાં રહેતા હોય ત્યાં પણ જવું; અને સદાચાર ખાતાના કારભારીઓ, એટલે જેઓને સદાચરણની નિઘેબાની રાખવા સારૂ નિમ્યા છે, તેઓએ જ્યાં જ્યાં સદાચારનો કાયદો સ્થપાય ત્યાં ત્યાં ધારમીક અને સદ્‌ગુણીને ઉત્તેજન આપવું. આ મતલબથી તે આજ્ઞા લખવામાં આવી છે અને લોકોએ તે પાળવી. "[1]

૬. "રાજા દેવવત્સળ પ્રિયદર્શિ આ પ્રમાણે કહે છેઃ—

---

૧. ડાકતર કર્ને આ પૂનરાવલોકન કરી સુધાર્યું નથી. ઉપલું પ્રોફેસર વિલ્સનું ભાષાંતર છે તેમાં ત્યાર પછીના ભાસ્યકારોએ થોડો ઘણો સુધારો વધારો કર્યો છે.

ગત્કાળમાં લોકોનું હિત જાળવવું અને અમલદારોએ તે ઉપર નિધેખાની રાખવી તેમાંથી એકે વિષે દરકાર કરી નથી; તેટલા સારૂ તેવી જાતની સંભાળ હું લઉ છું. જેટલો વખત થયાં હું રાજ્ય કરૂં છું તે દરમીયાન દરેક સ્થળે સ્ત્રીઓ ઉપર, દેવાર્પિત જગો ઉપર, મુસાફરી કરતા જાત્રાળુ ઉપર, વેપારીઓં ઉપર, ( અથવા વેપારી મારફીટો ઉપર ) અને વિહાર ભૂમીપર તપાસ રાખનારાઓને મેં મારા લોકોનું હિત સાચવવા નીમ્યા છે, અને સઘળી બાબતમાં હું મારા લોકના હિતની વૃદ્ધિ કરૂં છું;[1] અને જે જે હું જાહેર કરૂં અગર જે જે મહામંત્ર જાહેર કરે તે રાજ્ય સભા રૂબરૂ ચુકાદા માટે મુકવામાં આવશે, આ પ્રમાણે તેના ખબર મને કરવામાં આવશે. આવો મેં દરેક સ્થળે અને દરેક જગ્યોએ કરેલો છે, કારણ કે દુનિયાદારીનું કામ ચલાવવામાં મને સંતોષ ઉપજતો નથી; અખિલ સૃષ્ટિની આબાદી કરવી એ ઘણો લાયક ઉદ્યમ છે. સઘળાં પ્રાણિઓ પ્રત્યે નિર્દોષ થવું, આ લોકમાં તેમને સૂખી કરવાં, અને પરલોક [સ્વર્ગ] મેળવવાને શક્તિમાન કરવાં એ મારો અખિલ ઉદ્દેશથી આ ચદાચારની આજ્ઞા લખેલી છેઃ—તે લાંબો વખત નભી પ્રયત્ન છે. આ રહો. અને મારા પુત્રો, પણ મારી પાછળ સાર્વજનિક કલ્યાણ માટે મહેનત કરો, પણ આ અતિશ્રમ વગર બનવું મુશ્કેલ છે.”[2]

૭. “ દેવવત્સળ, રાજા પ્રિયદર્શિન હુકમ કરે છે કે—દરેક સ્થળે સઘળા સંપ્રદાયના સાધુઓએ સલાહ શાંતિથી વર્તવું. જે

---

૧. આટલે સુધી ડાક્તર કર્નનું ભાષાંતર છે.

૨. આ બર્નોફના ભાષાંતર ઉપરની લીધેલું છે.

નિયમો પોતે પોતની જાતની બાબતમાં પાળતા હોય તે તથા આ ત્માની શુદ્ધતા વિશે તેઓ સઘળાં બહોળાંશ કરે છે; પણ લોકોને જુદા જુદા મતને જુદી જુદી અભિરૂચી હોય છે, તો પણ સાધુઓ પોતે જે માગે છે તે બધુ અથવા તેમાંનો કાંઈ ભાગ તેઓને મળે છે. એવું છતાં પણ જેને મોટી ભિક્ષા મળતી નથી તેઓએ પણ પોતાના મનોવિકાર અધિપત્ય, મનની શુદ્ધિ તથા કાળ ચાલે એવી દ્રઢ ભક્તિ અને જ્ઞાન સંપાદાન કરવાં એ સારૂં છે. ”

૮. “ ગત કાળમાં રાજાઓ મોજશોખને માટે મુસાફરી કરતાઃ મૃગીયા ખેલ અને આવા બીજા વિનોદોનો પ્રચાર હતો. પણ રાજા દેવવત્સળ પ્રિયદર્શિને પોતાનો પટ્ટાભીષેક થયા પછી વર્ષે ખરૂં પુરાણ જ્ઞાન પ્રાપ્ત થયું તેટલા માટે તે સદાચારના રસ્તામાં ચાલવા મંડયો, તે આ રીતે કે બ્રાહ્મણ અને સાધુઓને પોતાને ઘરે બોલાવી તે દાન આપે છે અને વડિલોને પોતાને ઘરે બોલાવી તે ભેટ આપે છે, શહેર અને દેશનિ વસ્તીની મુલાકાત લે છે તથા સદાચરણનો બોધ કરે છે, અને તેનું સંશોધન કરે છે. રાજા દેવ વત્સળ પ્રિયદર્શિએ સન્માર્ગ સ્વિકાર્યો ત્યારથી અત્યાર સુધી આ તેણે મોટામાં મોટી મોજ મઝા માની છે. ”[1]

૯. “ રાજા દેવવત્શળ પ્રિયદર્શીન આ પ્રમાણે કહે છેઃ તે સત્ય વાત છે કે માણસો વ્યાધિ વખતે, સગાઇ વખતે, લગ્ન વખતે, સંતતિની પ્રાપ્તિ વખતે અગર તો ઘરેથી નિકળતી વખતે શુભ મુહુર્ત જુએ છે, અને ત્યાર પછી સઘળાં કાર્ય કરે છે. આ અને બીજે પ્ર-

---

૧ આ અને હવે પછીની ચાર આજ્ઞાઓ ડાક્તર કર્નના ભાષાંતર ઉપરથી લીધેલી છે.

સંગે માણુસો સઘળી એવી બાબતો કરે છે કે જેથી પોતે ઉન્નતિમાં આવશે, એમ તેઓ ધારે છે. પણ જે કોઇ વિધવિધ નકામી અને નિરઉપયોગી બાબતો કરે છે તે મોટો મુર્ખ છે. તોપણ આમ કરવાથી પણ જેથી તે માણસની ઉન્નતિ થાય તેવી બાબત કરવાની જરૂરીયાત તો મટતીજ નથી; પરંતુ જે બાબત કહી તે કરવી કાંઇ કામની નથી. પરંતુ ખરી ભક્તિ બહુ કામની છે. આમાં શેવકો તથા તાબેદારોની સાથે યોગ્ય વર્તણુંક ચલાવવી, વડીલો તથા સ્વામિઓનો નિષ્કપટ સત્કાર કરવો, જીવતાં પ્રાણિઓ તરફ નિષ્કપટ આત્મ સંયમ રાખવો, અને બ્રાહ્મણ તથા સાધુઓ તરફ નિષ્કપટ પરોપકાર બુદ્ધિ રાખવી. આ અને આવાં બીજાં કામો એ ખરી ભક્તિ કહેવાય. દરેક માણસે બીજા પ્રત્યે ઉપર મુજબ વર્તણુંક ચલાવવી, પછી તે પીતા હોય કે પુત્ર, ભાઇ હોય કે ધણી હોય; આ ઉમદી બાબત છે; આથી પોતાનો ભાગ્યોદય થશે એમ માની જયાં સુધી પોતાનો હેતુ સંપૂર્ણ બર આવે ત્યાં સુંધી એક માણસે તે કર્યા કરવું. આપણે હમણાંજ "નિષ્કપટ પરોપકાર બુદ્ધિ" વિશે કહી ગયા; હવે સદ્ ભક્તિમાંથી, જેવી પરોપકાર બુદ્ધિ અને જેવો પ્રેમ ઉત્પન્ન થાય છે, તેને મુકાબલે બીજી કોઈ પરોપકાર બુદ્ધિ તેમજ પ્રેમ આવી શકતો નથી. કોઈ પણ સજજન મિત્રે, સગાંએ, અગર સોબતીએ, દરેક પ્રસંગ આવે ત્યારે આ વાત બીજાના મન ઉપર એમ બતાવીને ઠસાવવી કે આ આપણું કર્તવ્ય કર્મ, આમ કરવું એજ ઉચિત છે. આ સઘળી બાબતો કરવાથી માણસો સ્વર્ગમાં જવાને પાત્ર થાય છે; તેટલા માટે જેણે સ્વર્ગમાં જવું હોય તેણે બીજી બાબતો પહેલાં પોતાની આ ફરજ અદા કરવી.

૧૦. " રાજા દેવવત્સળ પ્રિયદર્શિન એમ નથી માનતો કે વર્તમાન કાળમાં અને પછીથી જો મારી પ્રજા સદાચરણના બોદ્ધનું અનુસરણ કરે નહીં અને તે સદાચાર ખરી રીતે પાળે નહીં તો એકલી વિખ્યાતી અને મોટી પ્રસિદ્ધિથી મને બહુ લાભ મળે. પહેલી જણાવેલી બાબત કરીનેજ રાજા દેવવત્સળ પ્રિયદર્શિન વિખ્યાતી અને પ્રસિદ્ધિની અપેક્ષા રાખે છે. તેટલા માટેજ રાજા દેવવત્સળ પ્રિયદર્શિન આગ્રહપૂર્વક જેને માટે પ્રયત્ન કરે છે તે પરલોકને માટે છે. જેથી તે તદન અને બિલકુલ નિષ્કલંક થાય. હવે કલંક એ પાપની બરાબરજ છે. પરંતુ દરેક વસ્તુનો ભોગ આપીને શક્તિનો બહુ શ્રમ કર્યા વગર કોઈ પણ માણસથી આ બનવું મુશ્કેલ છે—પછી તે નીચી પાયરીનો માણસ હોય કે ઉંચીનો. પરંતુ ઉંચી પાયરીના માણસને તો ખરેખર આ ઘણું મુશ્કેલ છે."

૧૧. " રાજા દેવવત્સળ પ્રિયદર્શિન આ પ્રમાણે કહે છેઃ—સદ્ ભક્તિ, સદ્ ગોષ્ટિ, સદ્ ઉદારતા, સદ્ સંબંધ, ના જેવી કોઇ ભક્તિ નથી. તેમાં શેવકો. અને તાબાના માણસો સાથે યોગ્ય વર્તણુક ચલાવવી તેનો, મા બાપની નીખાલસપણાથી આજ્ઞા પાળવી તેનો, મિત્રો, ઓળખાણવાળાં માણસો, બ્રાહ્મણો, અને સાધુઓ પ્રત્યે પરોપકાર બુદ્ધિ રાખવી તેનો તથા પ્રાણિના જીવનું રક્ષણ કરવું તેનો, સમાવેશ થાય છે. પીતા, પુત્ર, બંધુ, મિત્ર, ઓળખાણનાં માણસો, સંબંધીઓ અને પાડોશીઓએ પણ આ કરવું એ સ્તોત્ય છે. આ પ્રમાણે તે સારૂ છે; આ પ્રમાણે માણસોએ વર્ત્તવું જોઇએ. જે આ પ્રમાણે વર્તે છે તે આ લોકને પોતાના મિત્રરૂપ કરે છે અને પરલોકમાં પોતાની સદ્ ભક્તિથી અવિનાશી ફળ મેળવે છે."

૧૨. રાજા દેવવત્સળ પ્રિયદર્શિન સઘળા સંપ્રદાય તથા પંથના સાધુઓનો તથા સઘળી પંક્તિનાં કુટુંબોના વડીલોનો સત્કાર કરે છે, અને તે સત્કાર પ્રેમદાન, અને સઘળી જાતનાં સત્કારના ચિન્હોથી સત્કાર કરે છે. ખરેખર દેવવત્સળ પ્રિયદર્શિન પ્રેમ–દાન અથવા સત્કારના ચિન્હોને જેટલાં કિમતી ગણે છે તેના કરતાં આ બાબતને તે વધારે કિમતી ગણે છે, એટલે કે જે બાબત કરવાથી સઘળા સંપ્રદાયની પ્રસિદ્ધિ અને અંતગત માન્યતામાં વૃદ્ધિ થાય એવી બાબત હવે અંતર્ગત માન્યતાની વૃદ્ધિ ઘણે પ્રકારે થઈ શકે, પરંતુ તેનું મુળ મંડાણ હદ મર્યાદામાં રહીને પુખ્ત વિચાર કરીને બોલવામાં રહેલું છે, આથી કોઇ પણ માણસે પોતાના સંપ્રદાયની સ્તુતી કરવી નહી–બીજા સંપ્રદાયને વખોડવો નહીં. અથવા અયોગ્ય પ્રસંગે તેનો તિરસ્કાર કરવો નહીં; (પણ) સઘળે પ્રસંગે તેને માન આપવું, એક માણસ પોતાથી જુદા સંપ્રદાયના માણસને કાંઈ ફાયદો કરે. પછી તે ગમે તે હેતુથી કરે. તોપણ તેથી તેના પોતાના પંથને લાભ થાય છે અને બીજા સંપ્રદાયને પણ ધાયદો થાય છે; એથી ઉલટી રીતે વર્ત્તવાથી માણસ પોતાના સંપ્રદાયને જફા લગાડે છે, અને બીજા સંપ્રદાયને નાખુશ કરે છે. દરેક જણ જે પોતાના પંથની તારીફ કરે છે તે કદાચ પોતાના પંથ પ્રત્યે પોતાના પ્રેમને લીધે તેનો મહિમા વધારવા સારૂ આ બધું કરે છે. છતાં પણ આમ કરવાથી તેના પોતાના પંથને તે ઘણી જફા લગાડે છે. તેટલા માટે એક રાગ રાખવો એ ઉત્તમ વાત છે, જેથી સઘળા એક બીજાના ધર્મને જાણે અને તેનું યથેચ્છ શ્રવણ કરે. કારણ કે દેવવત્સળ પ્રિયદ–

શિંનની એવી ઇચ્છા છે કે સઘળા પંથના માણસોને સારૂ શિક્ષણ મળે, અને પરોપકાર શીળતાના મતને સ્વિકારે. અને જેઓનું વલણ તે સઘળી બાબતો કરવા તરફ હોય તેઓને એમ ખાત્રી આપવી કે દેવવત્સળ પ્રિયદર્શિન પ્રેમ-દાન અને સત્કાર-ચિન્હને તે જેટલાં કિમતી ગણે છે તેના કરતાં સઘળા સંપ્રદાયની પ્રસિદ્ધિ અને અંતર્ગત માન્યતાની વૃદ્ધિ થાય તેને તે વધારે કિમતી ગણે છે. આ મતલબથી તેણે ન્યાયના કામ ઉપર કોટવાળો સ્ત્રીઓ ઉપર નિઘેહબાની રાખવાને માજીસ્ટ્રેટો, સરભરા ખાતાના ઉપરીઓ, વિગેરે નિમ્યા છે અને તેનું પરિણામ એ થયું છે કે દેવવત્સળ પ્રયદર્શિનનો પંથ આબાદ થયો છે અન સદાચરણને પુર્ણ દમામ સમીત તે બહાર પાડે છે.

૧૩. * * * * જેની સમાન વૃત્તી તથા તે હેતુ ( પાર પાડવા ) તરફ જેનો પરીશ્રમ તથા અતિશય ચાપલ્ય, તથા ડહાપણ ભરેલી વર્તણુંક, * * * * * પછીથી કલીંગા પ્રાંતમાં દ્રવ્યથી ન મેળવી શકાય એવું. * * * * * ધર્મનો લોપા મનુષ્યવધ અને મૃત્યુ, તથા મનુષ્ય જાતીનો નીરંકુશ અનાચાર ( થઇ ગયો હતો ): એવા સમયમાં દેવાનામ પ્રીયના અમુલ્ય નીતિ વચનો જેમાં જ્ઞાન તથા શાસ્ત્રનું તત્વ સમાએલું છે તેનો ઉદય થયો, માતૃ તથા પીતૃની મર્યાદાશીળ સેવા; ધર્મ ગુરૂની મર્યાદાશીળ શેવા; મિત્ર તથા બાળક પ્રત્યે પ્રેમ, સગાં સંબંધીને તથા ચાકરોને ( બ્રાહ્મણ શ્રમણ ઈત્યાદીને ) દાન આપવાથી ભવની પીડા ટળી જાય છે; તદઉપરાંત આવી બાબતમાં સતત ઉદ્યોગ કરવો એજ કીર્તિ છે. પાખંડ ધર્મ પાળનારો એવો કોઇ સમુહ નથી કે તેમાં

જીવતા જીવને ઇજા નહી કરવા બાબત તથા તેમને સંતુષ્ટ રાખવા બાબત દેવાનામ પ્રીયના જેવાં ફરમાનો છે તેવાં સ્તૌત્ય, હિતકારી તેમજ અતી ઊદાર ફરમાનો હોય, તેમજ તેની જેવી દયાયુક્ત પદ્ધતી હોય, * * * * અને વળી યુનાન દેશના રાજાઓ, જેનાથી મીસર દેશના રાજાઓ, ટોળમીઓ એન્ટીગોનો, માગા * * * * પરંતુ આ દેશમાં અને પરદેશમાં જયાં જયાં દેવાનામ પ્રીયના ધર્મ સંબંધી કાનુન જાય છે ત્યાં ત્યાં ધર્માન્તર કરાવે છે. અર્થાત પોતાના મતમાં મેળવી લે છે; * * * * વિજય વિવિધ પ્રકારના છે: પરંતુ ખુશનુમા મનોવૃત્તિમાંથી ઉત્પન્ન થતી ખુશાલી જે વિજયથી મળે છે તે અંતે ખુશાલીરૂપ થઈ પડે છે; સદ્‌ગુણનો વિજય સુખ છે: સુખના વિજયને કોઇ પરાજીત કરી શકતું નથી; જેમાં વિશેશ કરીને સુખની પ્રતિતી રહેલી છે.—આવા વિજયની આ લોકની વસ્તુમાં અને પરલોકની વસ્તુમાં અપેક્ષા રાખવામાં આવે છે.

૧૪. " રાજા દેવવન્સળ પ્રિયદર્શિને આ સદાચરણની આજ્ઞા એક ઠેકાણે સંક્ષિપ્તમાં, બીજે ઠેકાણે થોડા વિસ્તારમાં, અને ત્રીજે ઠેકાણે સંપુર્ણ વિસ્તારમાં લખાવેલી છે જેથી દરેક સ્થળે તેનો સંપુર્ણ અમલ થતો હોય એમ જણાતું નથી; કારણ કે રાજ્ય મોટું અને જે મેં લખાવેલું છે એ ઘણું છે, જુદી જુદી બાબતમાં એક બીજા સાથે સંબંધ હોવાથી ઘણે દરજજે પુનરોક્ત પણ થયેલી છે જેથી લોકો તે રીતે મરજીપૂર્વક તે બાબતો ગૃહણ કરે.

## સરકારી ચોકી.

સામસામા બંને ડુંગરની વચમા સુવર્ણરેખા નદી ઉપર પૂલ બાંધી સરકારી ચોકીનું મકાન બાંધવામાં આવ્યું છે. ત્યાં આગળ

જુનાગઢ ( ડુંગર વહીવટદાર મારફત ડુંગરમાંથી ફળ, ફુલ, કાષ્ટ-ઘાસ, તેમજ દામાકુંડમાં નાવા જનાર માણસો પાસેથી જુજ કર લેવામાં આવે છે. આ જગ્યાએ દામોદર કુંડમાં નાવા જનાર માણસો પાસેથી માત્ર જણ દીઠ એક પૈસો તેમજ ગુજરી ગયેલા માણસોનાં હાડકાં (ફુલ) દામાં કુંડમા નાખવા આવનાર માણસો પાસેથી રૂ. ૦—૫—૦ પાંચ આના લેવામાં આવે છે. નાવા જનાર શીવાય તેમજ શ્રાવક લોકો પાસેથી આ જગ્યાએ કાંઇપણ કર લેવામાં આવતો નથી. ગામના લોકો પાસેથી જેઠ સુદ ૧૧ [ ભીમ અગીયારશ ] ભાદરવી અમાંસ ( શ્રાવણ વદી ૧૦ ) આ બે દીવસે નાવા જ-નાર માણસો માણસો પાસેથી કરનો પૈસો એક લેવાય છે અને તે બે દીવસના રોજ બહાર ગામના લોકો પાસથી બે પૈસા કરના લેવામાં આવે છે.

## રાધાડેરી.

ચોકી પાસે સુવર્ણરેખા નદીમાં રાધાડેરી નામનું મંદીર છે. મંદીર શીખરબંધ બાંધેલું છે પાસે એક પાણીનો નાનો ગુન્હો છે. અહિ વડનગરા નાગર કોમની અવીવાહીત કુમારીકાઓ લગ્ન શાલમાં ગાગર નાય છે. ( નાય છે. ) તેમજ પંચતીર્થી કરવા જનાર લોકો પણ અહિ પ્રથમ નહાય છે.

## મુચકંદ મહાદેવ.

આગળ ચાલતાં થોડે દુર જગન્નાથજીનું દેવળ આવે છે. ત્યાંથી સુવર્ણરેખા નદીમાંથી સામીબાજુએ ડુંગરમાં જતાં મુચકંદ મહાદેવનું દેવળ આવેલું છે. આ દેવળ પુરાણું છે. ત્યાં એક નાની ગુફા છે. તેમાં મહાદેવની મુરતી બીરાજે છે. સતયુગમાં માનધાતા

રાજાનો પુત્ર મુચકુંદ હજાર વર્ષ સુધી લડાઈ કરી દૈત્યોને મારી પછી દેવતાઓના વરદાનથી રેવતાચળની ગુફામાં જઈ મુચકુંદ સુઇ રહ્યો હતો. દ્વારપુરમાં યાદવોએ પોતાના ગોર ગર્ગરૂષીની નપુશક શબ્દ વાપરી મશ્કરી કરી તેથી ગર્ગરૂષીએ શંકરની તપશ્ચર્યા કરી યાદવકુળનો નાશ કરવા પુત્ર માટે વરદાન માગતાં તેને કાળયવન નામનો પુત્ર ઉત્પન્ન થયો. તે નારદની ઉસ્કેરણીથી મથુરામાં શ્રીકૃષ્ણ ઉપર ચડાઇ કરતાં કૃષ્ણ કાળયવનના ભયથી અહિ નાશી આવતાં વરદાન મેળવી સુતેલા મુચકુંદ રાજાની બાજુએ છુપાઈ જઇ વાંસે આવેલો કાળયવન મુચકુંદને શ્રીકૃષ્ણ જાણી લાતના પ્રહારથી જાગ્રૃત કરતાં મુચકુંદે ક્રોધ દ્દષ્ટિથી તેની સામું જોયું તેથી તે બળવા લાગ્યો. મુચકુંદે શ્રીકૃષ્ણની સ્તુતી કરી કાળયવનને વરદાન આપવા વીનવતાં શ્રીકૃષ્ણે તેને વરદાન આપ્યું કે તેને હીન્દુ મુસલમાન બંને લોકો માનશે એવું વરદાન આપ્યું (હાલ તે દાતારના નામથી મનાય છે.

## શ્રી દામોદરજી કુંડ.

ત્યાંથી આગળ ચાલતાં દામોદરજી કુંડ આવે છે. આ કુંડનો ઘાટ બાંધેલો છે તે ૨૭૫ ફીટ લાંબો અને ૫૦ ફીટ પહોળો છે. આ હિંદુઓનું મોટું તીર્થ છે. સ્થળ ઘણું રમણીક છે અહિં દરવર્ષ હજારો યાત્રાળુ પરદેશથી આવી નાહી પવીત્ર થાય છે (પાપથી મુક્ત) આ કુંડ ઉપર ભીમ અગીયારશ ( જેઠ સુદી ૧૧ ) ને દીવસ તથા શ્રાવણ વદી ૮ (કૃષ્ણજયંતી)ને દીવસે પણ મેળો ભરાય છે. તેમજ શ્રાવણ વદી ૧૩–૧૪–૩૦ ( પ્રાચી ) ના દીવસોમાં મોટો મેળો ભરાય છે. આ તીર્થના અંદર મૃત્યુ પામેલાં માણસોના હાડકાં (ફુલ) દુર દેશાવરથી અહિં નાખવા આવે છે. અહિંના

ગોર તેમની પાસેથી ૦-૫-૦ લે છે. તે ગીરનારા બ્રાહ્મણો છે. જાત્રા આવનાર જાત્રાળુ લોકો પણ તે બ્રાહ્મણોને તીર્થના ગોર તરીકે માને છે આ તીર્થપર સં. ૧૯ ની સાલમાં માજી દીવાન સાહેબ રાવબહાદુર હરીદાસ વિહારીદાસ નડિયાદના વતનીએ તેમની માતુશ્રીના પુન્ય પ્રામાર્થે પુલ બંધાવેલો છે.

## શ્રીદામોદરજીનાં મંદીર.

આ દેવાલયો દામોદરજી ( દામાકુંડ ) ઉપર આવેલાં છે. તેને ફરતી દીવાલ અને ફરતો મોટો મજબુત કોટ છે. તેના અંદરથી શીખરબંધી જુના વખતનું બંધાયેલું વચોવચ શ્રીદામોદરજીનું મોટું દેવાલય છે. આગળ મંડપાકૃતીથી બાંધેલો ચોક છે તેમાં શ્રીદામોદરજી વીગેરેની મુરતી બીરાજે છે.

જોડમાં બીજું શીખરબંધી નાનું દેવળ છે તેમાં બળદેવજીની મુરતી બીરાજે છે. આ દેવાલયોની માલીકી ગીરનારા જ્ઞાતિના બ્રાહ્મણોની છે અને તેની સેવા પુજા ગીરનારા બ્રાહ્મણો કરે છે. ભાદરવી અમાશ (શ્રાવણ વદી ૦)) શીવરાત્રીનો મેળો માહા વદી ૧૧ થી માહા વદ ૧૪; ચૈત્રી પુનેમનો મેળો. (ચૈત્ર સુદી ૧૧ થી ચૈત્ર સુદી ૧૫ સુધી ) આ દીવશોમાં પરદેશી જાત્રાળુ પાસેથી શ્રીદામોદરજીની ડેઢી (દેવડી) ઉપર છુટો ૧ (અરધો પૈસો) જણ દીઠ ધરમાદા લેવાય છે.

## રેવતી કુંડ.

આ દામોદરજી કુંડની નૈરૂત્ય ખુણમાં રેવતી કુંડ નામનો કુંડ આવેલો છે. આ કુંડ રેવત રાજાની પુત્રી અને યાદવ બળદેવની સ્ત્રી રેવતીના નામથી તેનો બંધાવેલો કુંડ છે. ઉપર આમ્રવૃક્ષ આદીની લતાઓ આવેલી છે.

કુંડ હીંદુ ધર્મની બાંધણી મુજબ તીર્થ આકૃતિઓ બંધાએલો છે. તેની અંદર ચોકેચોકમાં ગોખલાઓમાં હીંદુઓના દેવોની મુરતીઓ બીરાજે છે. યાત્રાએ આવનાર લોકો પ્રથમ આ કુંડમાં નાહી પછી દામોદરજી કુંડમાં નહાય છે.

## શ્રી મહાપ્રભુજીની બેઠક.

રેવતી કુંડ ઉપર આ શ્રીમહાપ્રભુજીની બેઠક અને મકાન આવેલું છે. આના અંદર વૈષ્નવ લોકોને ઉતરવા માટે ધર્મશાળા છે.

જાત્રાળુ વૈષ્નવોને માટે આ વિશ્રાંતિસ્થળ ઘણું વખાણવા લાયક છે. આ મંદીર અને મકાન ગુંસાઇજી મહારાજની હવેલીની માલીકીનું છે. દરસાલ કારતક શુદી ૯ ના રોજ અહિ અનકુટ ભરાય છે. તેના દર્શનાર્થે શહેરના લોકો ઘણા જાય છે.

આ શીવાય દામોદર કુંડ તીર્થની આસપાસ ધર્મશાળાઓ ફરાસી બાવાની જગ્યા, શીવાલયો વીગેરે હીંદુ ધર્મને લગતાં દેવાલયો આવેલાં છે ત્યાં આગળ પીત્રુને પાણી રેડવા પીપળો તથા તુળશી કયારો પણ છે.

## સોનાપુર.

ત્યાંથી થોડે દુર નજીકમાં પુર્વાદિ બાજુએ શોનાપુર (સ્મશાન) આવેલું છે. અહિં હીન્દુ લોકોના મૃત દેહને અગની સંસ્કાર કરવામાં આવે છે. આ સ્થળ શહેરના રહીશ મોઢ વણીક જ્ઞાતિના મંગ હરગોવીંદદાસ જીવણદાસ તરફથી બંધાવવામાં આવ્યું છે.

## બ્રહ્મેશ્વર મહાદેવ અને ખાખચોરો.

આ સ્થળની લગોલગ બ્રહ્મેશ્વર મહાદેવની જગ્યા આવેલી છે. તેમાં ત્રણ શીખરબંધી દેવાલયો છે; તેમાં મહાદેવની મુર્તિ બિરાજે છે. તેની બાજુમાં ખાખચોરાની જગ્યા છે. આ જગ્યામાં ખાખી

બાવાઓ રહે છે. તે જગ્યાધારી ખાખી બાવાઓનું સ્થાન છે, તેમાં રામચંદ્રજીની મુર્તી બીરાજે છે.

## દુધેશ્વર મહાદેવ.

ત્યાંથી આગળ ચાલતાં વોકળા (નાની નદી) ને કાંઠા ઉપર આવેલી એકાંત જગ્યા ઉપર બંધાએલું મહાદેવનું મંદીર છે. નદીના કાંઠા ઉપર જંગલમાં આવેલું આ દેવળ ઘણું શોભાયમાન રમણીક લાગે છે.

## શ્રી ગીરનારજીની પરિક્રમણા.

દુધેશ્વર મહાદેવની જગ્યા પાસેથી ગીરનારની પરીક્રમાએ જવાનો રસ્તો શરૂ થાય છે. ચોમાસાની ઋતુમાં આસપાસના ગામોના તેમજ બીજાઓ હરસાલ ટોળાબંધ શ્રી ગીરનારજીની પરિક્રમાએ જાય છે. તેમજ બારેમાસ પણ ઘણા યાત્રાળુઓ પણ ગીરનારની પરીક્રમાએ જાય છે. દુધેશ્વર મહાદેવથી ડુંગરમાં આ રસ્તો ચાલે છે તેમાં આગળ ચાલતાં પ્રથમ ઝીણા બાવાની મઢી આવે છે. તથા બાવાની જગ્યો છે. આ જગ્યો સુંદર ને રમણીક છે. ત્યાંથી આગળ ચાલનાં સરખડીયા હનુમાનજીની મુર્તિ બીરાજે છે ત્યાં જોગી રહે છે. જગ્યા રમણીક ને સુંદર છે સ્થાન એકાન્ત સ્થળ ભજનને માટે સારૂ છે તે સ્થળે પરીક્રમા જનાર લોકો પ્રથમ મુકામ કરે છે. ત્યાંથી પરીક્રમાનું બીજું સ્થળ સૂર્યકુંડ નામે બાંધેલા કુંડ આવે છે. કુંડ હીન્દુ ધર્મ બાંધણીથી બાંધેલો છે. તે કુંડ ઉપર શંકરનું દેવાલય આવેલું છે. ત્યાં અતીત બાવો રહે છે.

ત્રીજે સ્થળે માળવેલા નામથી ઓળખાતી જગા આવે છે ત્યાં ભેરવનું સ્થાનક છે. ભેરવની જગ્યા છે. માળવેલા નામના વેલાના ઝાડો આ જગ્યોએ ઘણા છે તેથી આ જગ્યો માળવેલાના

નામથી ઓળખાય છે. ત્યાં આગળ બાવા રહે છે. પરિક્રમાએ નિકળેલા લોકોની વિશ્રાન્તીને માટે આ સ્થળ લાયક છે. આ સ્થળે આંબાનું વન છે, વસંત ઋતુમાં આ સ્થળે વધારે આનંદ પ્રાપ્ત થાય છે.

આગળ ચાલતાં ખોડીયાર માતાની જગ્યો આવે છે. આ જગ્યો રમણીક નથી. તેમ કાંઇપણ આશ્રમ નથી. ત્યાં કોઇબાવો સાધુ પણ રહેતો નથી. સ્થળ ઘણું ભયંકર છે, એ ભાગમાં વૃક્ષ વિગેરે પણ નથી. ત્યાંથી ડુંગર ઉપર ચડવાની ટેકરી છે ત્યાંથી નીચે ઉતરી રસ્તો શરૂ થાય છે, આ રસ્તેથી આગળ ચાલતાં નલના પાણીથી ઓળખાતી જગ્યા આવે છે ત્યાં પાણીનો મોટો ગુન્હો છે. આ ગુન્હામાં નલનું સાધન નથી પણ નાહરામાંથી પાણી આવે છે તેને લોકો નલનું પાણી કહે છે. ત્યાં હનુમાનજીની મુરતી છે. ત્યાર બાદ સાકરીયા આંબલી નામનું વૃક્ષ આવે છે. આ આંબલી મીઠી છે તેથી તે આંબલીનું નામ સાકરીયા આંબલી પડેલું. ત્યાંથી થોડે દુર કચોરીયો ગુન્હો આવે છે આ ગુન્હામાં પાણી બારેમાસ ઘણું ઉંડું રહે છે; એ ગુન્હામાં ઉપરથી પાણીની ધારા પડે છે.

જાત્રાળુની વીશ્રાન્તી માટે ચોથું સ્થળ બોરદેવી જગ્યા આવે છે. આ સ્થળ ઘણુંક રમણીક છે, અહીં માતાજીની મુરતી બીરાજે છે, તે ઉપર બોરડીનું વૃક્ષ છે તેથી બોરદેવીના નામથી આ જગ્યો ઓળખાય છે. સ્થળ રમણીક અને આનંદી છે ત્યાં વૃક્ષ ઘણી જાતના થાય છે. વનસ્પતી તાજી અને સારી અહી બારે માસ મલે છે તેમજ અહીં લીંબુના વૃક્ષ ઘણાં છે તે ફળ ઘણાં સારાં થાય છે તેથી અહીંના લીંબુ વખણાય છે.

ત્યાંથી ગીરનારજીની તળેટીમાં અવાય છે. માર્ગમાં નસાયબા પીરની જગ્યા આવે છે તેમજ આખ ખુનામનું આંબાનું વન આવે છે.

## ગીરનારની તળેટી.

ભવેશ્વર તથા વસ્તાપત મહાદેવ અને મૃગી કુંડ.

આગળ ચાલતાં વિશ્વવિખ્યાત પવીત્ર ગીરનારની તળેટી આવે છે. અહિ ભવેશ્વર મહાદેવનું દેવાલય આવેલું છે. જોડમાં એક નાની વાવ છે. સામી બાજુએ એક પુરાણ પ્રસિદ્ધ વસ્તાપત મહાદેવનું દેવાલય આવેલું છે. આ મહાદેવ આ ક્ષેત્રના અધીપત્ય તરીકે મનાય છે.

પાસે મૃગીકુંડ છે તેનો ઘાટ બાંધેલો છે તેમાં નહાવાનું મહાત્મ પ્રભાશખંડ તથા ગીરનાર મહાત્મમાં ઘણું વર્ણવેલું છે.

અહિ દર વર્ષ માઘ વદી ૧૧-૧૨-૧૩-૧૪ (શીવરાત્રી) ના રોજ ચાર દીવસ મોટો મેળો ભરાય છે તેમજ મેળો કરવા આવેલ માણુસોની સંખ્યા ૪૦ થી ૫૦ હજારની થાય છે. આ ચાર વરસોમાં મેળે આવનાર માણુસો પાસેથી જણુ દીઠ સરકારશ્રી તરફથી રૂ. ૦-૧-૦ એક આનો કર લેવામાં આવે છે.

ઘણે દુર દેશાવરથી લોકો મેળો જોવા ત્યાં આવે છે અને તમાશગીરો તથા દુકાનદારો વિગેરેની મેહની જોવા લાયક છે.

## ભુવેશ્વરનું તળાવ.

આ તલાવ ડુંગરની તળેટીમાં આવેલું છે અને તે સં. ૧૯૫૬ ના માહાન દુષ્કાળમાં ખોદાવવામાં આવ્યું હતું અહિંથી પાણીનો નળ ગામમાં ( જુનાગઢ ) લાવવામાં આવેલ છે. તળાવ સાધારણ વિશાળ છે. આ તળાવનું પાણી ભારી છે, તેથી પીવાના કામમાં થોડું વપરાય છે.

## શ્વેતાંબરી દીગંબરી ધર્મશાળા.

આ ધર્મશાળા ગીરનાર ઉપર ચડવાના દરવાજા લગોલગ રસ્તાની સામાસામી બાજુએ બંધાયેલી છે ત્યાં હજારો જાત્રાળુ રાતવાસો રહે છે. ત્યાં બારે માસ દુકાનદારોની સગવડતા સારી છે. આ ધર્મશાળાઓની અંદર દીગંબરી, શ્વેતાંબરી શ્રાવકોનાં મદીર છે, તથા વાસણ, પાગરણ પાણી વિગેરેની સોઇ સારી છે.

અહિં અમદાવાદના રહીશ પ્રેમચંદ રાયચંદ તરફથી લાડવા ગાંઠીયાનું સદાવ્રત મળે છે એ ધર્મશાળા પણ તેની બંધાવેલી છે. તથા બીજી ધર્મશાળા લખતરના કામદાર સંઘવી ફુલાભાઇની બંધાવેલી છે.

અહીં વૈષ્ણુવી સંપદાયની કે બીજી ધાર્મીક ધર્મશાળાની ખાસ જરૂર છે કારણ કે શ્રાવક સીવાય બીજા અન્ય ધમ વાળાને એક પણ આવા ધર્મસ્થળમાં બીજી અહીં સાહિત્ય નથી.

---

## પ્રકરણ ૬ ઠું.

---

## ગીરનારી દરવાજો અને સરકારી ચોકી ચડાની વાવ.

અહીં ડુંગર ઉપર જવાનો દરવાજો છે ત્યાં બારે માસ જાત્રાળુ પાસેથી માત્ર રૂ. ૦-૧-૦ કર લેવાય છે. અહિંથી ઉપર ચડવાનાં પગથીયાં શરૂ થાય છે. પગથીઆંની કુલે સંખ્યા ૧૦૦૦૦) દશહઝારની છે. આ પગથીયાં મરહુમ માજી દીવાન નડીયાદનીવાશી રાવબહાદુર હરીદાસ ભાઈએ લોટરી કાઢી બંધાવેલાં છે, અહિંથી છોકરાં તેડવા તથા ભાર ઉપાડવા મજુર સંખ્યાબંધ મળે છે તથા ડોલીયો

પણ અહિં હાજર રહે છે. ડોલીનો દર સરકારશ્રી તરફથી નક્કી કરવામાં આવ્યો છે. તે નીચે પ્રમાણેઃ—

નંબર ૧૫૩.

## જાહેર ખબર.

યાત્રાએ અથવા કામ પ્રસંગે ગિરનાર તથા દાતાર જતાં આવતાં ડોળીનો ઉપયોગ કરનારા માણસો પાસેથી દિવાન દફ્તર જા. નં. ૧૬/૬૪ તારીખ ૨૪–૯–૧૮૯૬ અન્વય જે દરો લેવાય છે તેમાં તારીખ ૧–૯–૧૯૧૮ થી વધારો કરી નીચે પ્રમાણે દરો લેવાનું ઠરાવવામાં આવે છે માટે તે મુજબના દરે ડોળીવાળાઓને રકમ આપવા સમજવાનું છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ચઢાની વાવથી ગિરનારના કોટ સુધી જઈ આવતાં | | રૂ. | ૩–૮–૦ |
| ,, | ,, ઉપર અંબાજી સુધી | ,, | ,, | ૪–૪–૦ |
| ,, | ,, ,, ગોરખની ટુંક | ,, ,, | ,, | ૪–૮–૦ |
| ,, | ,, ,, કમંડલ | ,, ,, | ,, | ૫–૮–૦ |
| ,, | ,, ,, પાંચમી ટુંક | ,, ,, | ,, | ૬–૪–૦ |
| ,, | ,, ,, પથ્થરચટી તથા મહારાજ જગ્યા. | | ,, | ૩-૧૨-૦ |
| ,, | ,, ,, સેસાવન | ,, ,, | ,, | ૪–૮–૦ |
| ,, | ,, ,, હનુમાનધારા | ,, ,, | ,, | ૫–૦–૦ |
| | સાર કુવેથી દાતારના ડુંગરે દાતાર | ,, ,, | ,, | ૨–૮–૦ |

૨. સેસાવનમાંથી તળાટીમાં નવે રસ્તેથી પાછા આવે તો પણ ઉપરનો દર લાગુ સમજવો.

૩. ઉપરના દર એક સાંગની ડોળી એટલે જણ બેએ ઉપાડેલી ડોળીના સમજવા. બે સાંગની એટલે ચાર જણ ઉપાડી જાય, તેવી ડોળી માટેનો દર ઉપર લખેલા ભાવથી દોઢો (એટલે રૂા. ૩-૮-૦ ને બદલે રૂા. ૫-૪-૦) એ પ્રમાણે ઠરાવવામાં આવે છે.

એક સાંગની સ્વારીનું વજન મણ ૩ થી ઉપરાંત હોય તો ચાર માણસ ઉપાડે તો દોઢી મજુરી આપવાની છે.

૪. છુટક રીતે એકવારીઓ દર એટલે ચઢાની વાવથી ગિરનારના કોટ સુધી લઇ જાય તો તેના રૂા. ૨-૦-૦ અને ગિરનારના કોટથી પાછી ઉતરે તો તળાટી સુધીનો રૂા. ૧-૮-૦ તથા સારકુવેથી દાતાર સુધીના રૂા. ૧-૮-૦ અને દાતારથી પાછી ઉતરે તો સારકુવા સુધીનો રૂા. ૧-૦-૦ એક પ્રમાણે ઠરાવવામાં આવે છે.

૫. ઉપલા દર સિવાય ડોળીવાળાને જણ ૧ એક પ્રત્યે રૂા. ૦-૩-૦ દિવસ એકના ખોરાકના દેવા.

૬. ડોળીવાળાને પહાડ ઉપર એક દિવસથી વધારે રાખવામાં આવે તો ઉપરમાં જણાવેલા દર ઉપરાંત જણ એકદીઠ રૂા. ૦-૮-૦ રોજના તથા રૂા. ૦-૩-૦ ખોરાકના મળીને રૂા. ૦-૧૧-૦ પ્રમાણે આપવું તે દિવસોમાં ડોળીમાં બેસી પરચુરણ હરવા ફરવા જવા માટે જુદો દર લેવો દેવો નહિ.

૭. કોઇને જુનાગઢમાંથી ચઢાનીવાવ સુધી અથવા ચઢાનીવાવથી જુનાગઢ સુધી ડોળી જોઇતી હોય તે દરેક બાજુ તરફ જવાના રૂા. ૦-૧૨-૦ લેખે દર સમજવો.

૮. કોઈને જુનાગઢમાંથી સારકુવા સુધી અથવા સારકુવાથી જુનાગઢ સુધી ડોળી જોઇતી હોય તો દરેક બાજુ તરફ જવાના રૂા. ૦–૬–૦ લેખે દર સમજવો.

૯. કોઇને જુનાગઢથી ઠેઠ ગિરનાર તરફ ગમે તે ભાગમાં જવું હોય તો પહેલી કલમમાં લખેલા દર ઉપરાંત કલમ ૭ મીમાં બતાવેલો દર વધારે આપવો.

૧૦. કોઈને જુનાગઢથી ઠેઠ દાતાર સુધી જવું હોય તો પહેલી કલમમાં લખેલા દર ઉપરાંત કલમ ૮ મીમાં બતાવેલો દર વધારે આપવો.

૧૧. ઉપલા બંદોબસ્તમાં હરકત થાય તો તુરતજ નાયબ દફતરે જાહેર કરીને દાદે પહોંચવું. વખત ગયા પછી જાહેર કરે લક્ષ દેવાનું સરકાર મરજીપર રહેશે.

૧૨. સરકારી હુકમથી ડોળી લઇ જવામાં આવે તેનો દર જુદો સમજવો.

૧૩. ગિરનાર તથા દાતારના બધા રસ્તા સુધરી જઇ સીડી થઈ ગયેલ છે. એટલે ડોળીને હરકત કરતા નથી જેથી યાત્રાળુની મરજી વગર ડોળી ઉતારવી નહિ. જો ડોળીવાળાએ જબરીનથી ઉતારેલ હોય તો દર કમી દેવો.

૧૪. ઈનામ યાને બક્ષીસ યાત્રાળુ ખુશીથી આપે તેને આ ઠરાવથી બાધ નથી.

૧૫. પાંચમી ટુંકની ડોળી કમંડળ સુધી જતી અને તે પછી ડોળીવાળા કાંધ ઉપર બેસાડી ગુરૂદત્તાત્રયના પગલે લઇ જતા પણ હવે સીડી દુરસ્ત થતાં ડોળી ગુરૂદત્તાત્રય

સુધી જાય છે તેથી તેનો સમાવેશ ઉપરમાં કરી દેવામાં આવ્યો છે એટલે ગુરૂદત્તાત્રયના પગલા સુધી ડોળી લઈ જવાનો દર છે.

સંવત ૧૯૭૪ ના ભાદરવા વદ ૧૨ વાર મંગળ, તારીખ ૧–૧૦–૧૮

H. D. RENDALL, I. C. S.

એડમીનીસ્ટ્રેટર, જુનાગઢ સ્ટેટ.

અહિં એકવાવ છે તે ચડાની વાવના નામથી ઓળખાય છે. તે સીધરાજ જયસીંહની બંધાવેલી છે. આ જગ્યા ચડાની વાવના નામથી ઓળખાય છે.

## ગીરનારનો ચડા.

આ ગીરનાર ઉપર ચડતાં પહેલાં નિચે પ્રમાણે લેખ દષ્ટીગોચર થાય છે:—

ગીરનારના કાળા પથ્થરના બંધાયેલા પગથીયાઓ માટે લખવામાં આવેલા લેખની નકલ—

શ્રી ગીરનારના શીખર સુધી જતા આ કાળા પથ્થરના પગથીયા રૂ. ૧૫૦૦૦૦ ) ને ખર્ચે બંધાયેલાં છે;

આ કામ ઇસ્વીસન ૧૮૮૯ હીજરી ૧૩૦૭ સંવત ૧૯૪૫ માં શરૂ કરવામાં આવ્યું હતું અને ઇસ્વી. ૧૯૦૮ હીજરી ૧૩૨૬ સં. ૧૯૬૪ એટલે જુનાગઢના નવાબ સાહેબ આલીજહા નેકનામદાર સર રસુલખાનજી બાબી બહાદુર જી. સી. એસ. આઈ ના પરોપકારી રાજયના ૧૬ મા વર્ષમા પુરૂં કરવામાં આવ્યું હતું.

તેને માટે નાણા મરહુમ દીવાન સાહેબ હરિદાસ બીહારીદાસ સરદાર રાવબાહાદુર બેચરદાસ બીહારીદાસે યોજેલી અને

મરહુમ ડાકટર ત્રીભોવનદાસ મોતીચંદ શાહ ચીફ મેડીકલ ઓ-ફીસરની જાતની દેખરેખ નિચે ચાલુ રહેલી લોટરીમાંથી સંપાદન કરવામાં આવ્યાં હતાં.

**પંડયા છગનલાલ હરિલાલ,**
**પુરૂષોતમ કાનજી ગાંધી.**
સેક્રેટરી ગીરનાર લો. જુનાગઢ.

ત્યાર પછી પાંચ પાંડવોની ડેરી આવે છે તેમાં ચાર ડાબી બાજુએ અને એક જમણી બાજુ ઉપર આવે છે. ત્યાંથી આગળ ચાલતાં જમણી બાજુ ( ચુના ) ડેરી આવે છે. પછી છોડીયા પરબનાં નામથી ઓળખાતી જગ્યા આવે છે.

બરજશ સાહેબની ગણીત પ્રમાણે આ ૪૮૦ ચારસો એંશી ફીટ ઉંચું છે. ત્યાંથી આગળ ચાલતાં વાલુની આંબલીના નામથી ઓળખાતી આંબલી આવે છે. આ જગ્યાએ કોઇ વાલુ નામની નાયકા રહેતી હતી. તે ઉપરથી વાલુની આંબલી એવું નામ પડેલું છે. ત્યાંથી આગળ ચાલતાં વાંકી રાયણ નામની જગ્યા આવે છે. ત્યાં આગળ પાણીનું પરબ બેસે છે. ત્યાંથી આગળ ચાલતાં જટા-શંકરની ડેરી આવે છે તે પછી ધોળી ડેરી નામે ઓળખાતી ડેરી આવે છે ત્યાં ચોમાસાના વખતમાં પાણીનો ઝરો વહે છે. આ જગ્યા જમીનની સપાટીથી એક હજાર ફીટ ઉંચી છે.

આગળ ચાલતાં કાળી ડેરીના નામથી ઓળખાતી ડેરી આવે છે ત્યાંથી ઉપર જતાં ભરથરીની ગુફા આવે છે. આ એક ભોંયરા જેવી ગુફા છે ત્યાં ( નાથજી ) નામનો બાવો રહે છે ત્યાંથી થોડે દુર માળી પરબની જગ્યા આવે છે. આ જગ્યા ચડામાં મધ્યગાળાની

હોઇને જનાર આવનાર લોકોને વીશ્રાંતીનું મુખ્ય સ્થાન છે. અહિં સાધુ લોકોને દાળીયાનું સદાવ્રત્ મળે છે. જાત્રાળુને પાણીનું પુરતું અહિં સાધન મલે છે. પાણીની ટાંકીઓ અને ચસ્મા ( કુંડ ) બાંધેલા છે. આગળ ચાલતાં કાઉસગ્યાનો પથર આવે છે અને ત્યાંથી થોડે દુર હાથી પાણીના નામથી ઓળખાતો મોટો પથર છે. ત્યાર પછી થોડે દુર ચડતાં ખબુતરી ખાણ આવે છે તેમાં ખબુતર ઘણાં રહે છે ને તેમાં તેને રહેવા માટે કુદરતી રીતે બનેલા ખાડા જેવા ગોખલાઓ છે. ત્યાર પછી સુવાવડી પરબ આવે છે. (ત્યાં જે જાત્રાએ આવેલ બાઇ હોય અને તેને તે વખતે ઓધાન હોય તો ત્યાં નાળીયેર વધેરવા જાય છે ) અને તે પછી આગળ ચાલતાં પંચેશ્વર મહાદેવની જગ્યા આવે છે ત્યાં બાવા લોકો રહે છે. અહિં પાણીનું સાધન યાત્રાયે આવનારને મળે છે. ત્યાંથી આગળ ચાલતાં થોડે દુર " ગીરનાર કોટ " ના નામનો દરવાજો આવે છે તે કાળા પથરનો બંધાવેલો છે તેના ઉપર એક સુંદર ઝરૂખો ( ગોખ ) આવેલો છે.

## શ્રાવકનાં નેમીનાથનાં કોટનાં મંદીર.

અંદરનાં કોટમાં દાખલ થતાં જમણા હાથ ઉપર સંભવનાથજીનું ડેરૂં છે તેમાં સંભવનાથજીની પ્રતીમા છે. ત્યાં ચોકમાં સુરજકુંડના નામનો એક કુંડ છે. ત્યાં જાત્રાળુઓને નાવાની ગોઠવણ છે.

ડાબી બાજુએ નેમનાથજીનું મંદીર છે. તેના બહારના દરવાજા ઉપર એક લેખ નજરે પડે છે. તે લેખ બોંબે રોયલ એશીયાટીક સોસાયટીના ચોપાનીયાના પહેલા વોલ્યુમના પ્રૃષ્ઠ ૯૪ ની ફુટનોટમાં જેકબ સાહેબે લખેલું છે કે આ લેખ સં. ૧૧૧૫ ના

ચૈત્ર સુદનો છે આ લેખના ૯ મા શ્લોકમાં લખ્યું છે કે યદુ વંશમાં મંડલીક રાજા થયો તેનો પુત્ર નવઘણ તેનું નામ દશમા શ્લોકમાં છે અગીયારમા શ્લોકમાં નોઘણનો પુત્ર મહિપાળનું નામ છે બારમા શ્લોકમાં મહિપાળના પુત્ર ખેગારનું નામ છે. ત્યાર પછીના શ્લોકમાં જહશીંહદેવ, મોગલશીહ, મેલકદેવ, મહિપાળદેવ ને માંડલીકનાં નામો અનુક્રમે આવે છે.

દરવાજામાં પેસતાં આગળ ચાલીએ ત્યાં ડાબી બાજુએ ચૌદ ઓરડાની ધર્મશાળા છે. આ શ્રાવક જાત્રાળુને ઉતરવાના ઉપયોગમાં આવે છે.

તે ચોક મુકયા પછી પુજારી અથવા ગોઠીની ઓરડીનો મોટો ચોક આવે છે તેમાં થઇને નેમનાથજીના ચોકમાં જવાય છે. આ મુખ્ય દેવળ ચોવીશમા તીર્થંકર શ્રીનેમીનાથજીનું છે તે ચોકના ગર્ભાગારમાં નેમનાથજીની શ્યામ મુરતી છે તેની આગળ અખંડ ઘીનો દીવો પ્રકાશે છે.

તેને આશપાશ ફરતી ભમતી છે તે અંદરની ભમતી કહેવાય છે. તેમાં તીર્થંકર યક્ષ યક્ષણી શમેતશીખર નંદીશ્વર દ્વીપ વીગેરે સર્વ મળી એકશો પંચોતેર મુરતી છે.

રંગમંડપમાં આડત્રીશ પ્રતીમા છે.

ગર્ભાગામામાં પાંચ છે.

એટલે બધી મળી કુલ ૨૧૮ પ્રતીમાઓ નેમીનાથના મંદીરમાં છે.

તેની જોડના રંગ મંડપમાં એક ગોળ ઓટલા ઉપર ચારશેં વીશ જોડ પગલાં છે.

તેની પશ્ચીમાદી બાંજુમાં આરશના ઓટલા ઉપર પણ ૪૨૦ જોડ બીજાં પણ પગલાં છે. આ ડેરૂ રતનશાહ ઓશવાળના નામથી ઓળખાય છે તેની પછવાડે પોરવાડ જંગમાલ ગોરધનવાળું પુર્વાદા દ્વારનું ડેરૂ છે તેમાં શ્રી આદેશ્વરજીની પ્રતીમાની પ્રતીષ્ટા સં. ૧૯૪૮ ના વૈશાક સુદ ૬ શુક્રવારે વીજયજીનેદ્રશુરીએ કરેલી છે તે ડેરાની જમણી બાજુએ સતી સીરોમણી શ્રીરાજીમતીનાં પગલાંની દેરડી છે.

## અમીઝરા પારશનાથ.

વર્તમાન કાળમાં ચોવીશમાં તેત્રીશમાં તીર્થંકરનું નામ પારશનાથ છે. આ નેમીનાથજીની મોટી ભમતીમાં એક ભોંયરૂં છે. તેમાં પધરાવેલા છે. તેને અમીઝરા પારશનાથ કહે છે તેને પાણીનાં ટીપાં હમેશાં ટપકયા કરે છે. આ ભોંયરામાં પેસતાં સામે રહનેમી તથા નેમીશ્વરની પ્રતિમા છે. તેને જીવત સ્વામીની મુરતી કહે છે. દીવાની મદદથી ભોંયરાની ડાબી બાજુએ જઇએ તો એક દ્વાર આવે છે તેમાં થઇને એક નાના ઓરડામાં જવાય છે. તેમાં નીચેના ભોંયરામાં ઉતરવાનાં પગથીયાં છે. તે પગથીયાં ઉતરીયે છીએ કે સનમુખ પારશનાથની પ્રભાવીક મુરતી નજરે પડે છે. નેમનાંથજીની મોટી ભમતીમાં બધી મળીને ૧૩૩ પ્રતીમા છે તથા અઢાર જોડ પગલાં છે. તેમાં મોટાં પગલાં શ્રીનેમનાજીનાં છે.

## ગોરગચ્છ.

( ઘડી ઘઙુકો. )

ત્યાંથી આગળ ચાલતાં કાળા પથરનાં બાંધેલાં પગથીઆં આવે છે. ત્યાંની નીચે ઉતરતાં ડાબા હાથે અદબજી દાદા રૂષભ

દેવજીની મુરતી પદ્માસને જોવામાં આવે છે.

શ્રાવક લોકો આ મુર્તીને ઉપરને નામે કેટલાકો ઓળખાવે છે. તેમાં કેટલાકો તેને ગટોરગચ્છ ( ઘડી ઘટુકો ) કહે છે તેની બેઠક આગળ તીર્થંકરની મુરતીવાળો એક પીળો પથર છે. તેની સામે પાંચ મેરૂનું એક દેવળ છે. તેમાં જૈન સિદ્ધાંતનાં વર્ણવેલાં મેરૂ નામના પાંચ સુવર્ણનાં સાસ્વત પર્વતના આકાર છે. ચોમુખી એટલે ચારે બાજુ તરફ ચાર મુખવાળી ચાર પ્રતિમાઓ છે ચાર ખુણે ચાર મેરૂ અને પાંચમો મેરૂ મધ્યભાગે છે.

આ દેવળના ડાબી બાજુના બારણામાં થઇને મેરકવશીમાં જવાય છે. તેમા મુખ્ય મંદીર બહારના મંડપમાં ખંડીત કરેલી ઘણી મુરતીઓ જોવામાં આવે છે.

મુળ નાયક—મુરતી સહસ્રફણી પારશનાથની છે તેની આશપાશ બીજી સાત પ્રતિમાઓ છે. ભમતીમાં અઠ્ઠાવન પ્રતિમા છે. દક્ષીણ તરફી ભમતીમાં અષ્ટાપદ પર્વત છે તેમાં ચોવીશ પ્રતિમા છે ઉંત્તર તરફની ભમતીમાં ચોમુખું જોવા લાયક દેવાલત છે. પંચમેરૂની વીશ પ્રતીમા ગણતાં સર્વ મળી આ ટુંકમાં એકસો તેર પ્રતીમા છે. આ રંગમંડપની તેમ ભમતીના કોતર કામની કારીગીરી વખાણવા લાયક છે.

### સહસ્રફણી પારશનાથનું દેરૂં.

આ દેરૂં જુનું અને જોવા લાયક છે, તેનો રંગમંડપ સોભાયમાન છે ત્યાં પુજા ભણાય છે. ત્યારે પુરૂષ વર્ગ નીચે અને સ્રી વર્ગને ઉપર ગેલેરીમાં બેસી સાંભળાની ગોઠવણ ઘણીજ સારી છે. તે દેવાલયમાં સહસ્રફણી પારશનાથની પ્રતીમા છે. તેની આસ-

પાસ ૨૫ પચીશ બીજી પ્રતીમાઓ છે. તથા ભળતીમાં ત્રણ દેરાશર છે તે બે દેરાશરમાં ત્રણ પ્રતીમા છે તેમજ ઉતર તરફના દેરામાં પાંચ પ્રતીમા છે. ત્યાં પાશાણુની ચોવીશી છે. તેમાં પણ પ્રતીમાઓ છે. કુલ મળી અહિં ૩૭ સાડાત્રીશ પ્રતીમાઓ છે. આ ડેરૂ ગીરનારમાં ઘણે દુરથી નજરે પડે છે. તે ડેરાની દક્ષીણાદી ડેરીમાં અજીત નાથજીની પ્રતીમા છે. પશ્ચમાદી ડેરીમાં આદીનાથજીની મુર્તી છે. ઉતરાદી બાજુની ડેરીમાં અજીતનાથજીનું બીંબ છે. આ ડેરાંઓ શગરામ સોનીના નામથીજ ઓળખાય છે શગરામ સોની અકબર બાદશાહના વખતમાં પાટણમાં રહેતો હતો અને તેને અકબરશા મામો કહી બોલાવતા એમ કહેવાય છે.

## અભીનંદનનાં ડેરાં.

કુમારપાળ સને ૧૧૪૩ થી ૧૧૭૪ સુધી ગુજરાતનો રાજા હતો તેણે આ ડેરાંઓ બંધાવ્યાં હોય એમ કહેવાય છે. તેને ફરતી વંડી છે. તેમાં ત્રણ ડેરાં સાથે હારો હાર આવેલાં છે તેમાં વચલું ડેરૂ મોટું અને ગર્ભાગાર છે ને તેમાં સામળા પારશનાથની મુરતી છે. એક ડેરામાં ગોળ સમવસરણમાં ચોમુખીજીની મુરતી છે અને એકમાં ચોરશ ચોમુખીજીની મુરતી એ ડેરામાં સળીના પથ્થર વાપરેલા છે તે વસ્તુપાળ તેજપાળે પરદેશથી લાવી વાપરેલા હોય એમ કહેવાય છે. આ ડેરાની વાંસે વસ્તુપાળ તેજપાળની માતાનું ડેરૂ છે. તેમાં સંભવનાથની મુરતી છે.

## સંપ્રતી રાજાનું ડેરૂં.

આ ડેરામાં નેમીનાથની પ્રતીમા છે. રંગમંડપમાં ચક્રેસ્વરીની પ્રતીમા છે. તેમાં ત્રણ તાઉસ—ગીયા છે. તેમાં એક ૫૪ ઇંચ ઉંચો

છે ને બીજો ૧૩ તેર ઇંચ ઉંચા છે. શીવાય મંડપમાં બીજી ૩૫ જીનેશ્વરી પ્રતીમાઓ છે ત્યાં એક વીમળનાથની મુર્તી છે. તે ૪૮ ઇંચની છે.

## શ્વેતાંબરનાં બીજાં દેવળો અને જોવા લાયક જગ્યાઓ.

આ શીવાય એક શંભુનાથનું ડેરૂ છે. તેની પાસે જ્ઞાન વાવ નામની વાવ આવેલી છે. સામેનાં ઘળનારામાં થઇને ચંદ્રપ્રભુજીના દેરાસર આગળ જવાય છે. તે ડેરામાં ચંદ્રપ્રભુજીની મુર્તી છે. તેની સામે એક માતાની મુરતી છે. તેમાં ૧૩૧૮ ની સાલનો એક લેખ છે આ માતાની મુર્તી અને લેખ ઉપરથી જૈન શીવાય પ્રથમ આ બીજા હીંદુ ધર્મનું દેવાલય હોય એમ અનુમાન થાય છે, તે દેવળ મુકી જમણી તરફ જતાં મોટા મોટા લેખ આવે છે. તે હાલ વંચાય તેવી સ્થિતીમાં નથી ત્યાં આગળ બીજું એક શાન્તીનાથનું મંદીર છે. તેમાં નવ પ્રતીમા છે. જમણી બાજુની એક મુર્તીમાં કળશનું તથા ડાબી બાજુની મુર્તીમાં સસલાનું લાંછન છે. તે દેવળની બાજુમાં શાન્તીનાથનું બીજું દેવળ છે તેની આશપાશ બે મુર્તી છે. તે ડેરાની પાસે ભોંયરામાં નેમીનાથની નવભવની પત્ની રાજી-મતીની ગુફા છે. તેમાં રાજીમતીની ઉભી મુરતી છે. તથા પડખે રહેનેમીની નાની મૂર્તી છે. આ ગુફા રાજલ વેજલના નામથી ઓળખાય છે.

## દીગમ્બરી ( હુમડના ) દેવાલય.

કોટના દરવાજામાં પેસતાં જમણી બાજુએ આ દેવાલયો

બંધાએલાં છે. તેમાં મોટું અને નાનું એમ બે દેવાલય છે. મોટું દેવળ ઉત્તરદ્વારનું છે અને તેમાં અગીયાર જીન બીંબ છે. તેમાં મુખ્ય મુરતી નેમનાથની છે. તે મુરતી સં. ૧૭૪૯ ની છે; તથા બીજી મુરતી શાન્તીનાથની છે તેમાં ૧૬૫૫ ની સાલની છે તેનું ડેરૂં પશ્ચિમાદી દ્વારનું છે. તેમાં બે બાજુએ પારશનાથ અને મધ્ય નેમીનાથ એમ ત્રણ પ્રતીમા છે.

આ ડેરાના ઉંચાણમાં શાંતળનાથની જગ્યા છે. મલવાળું ડેરૂં મુકી આગળ રસ્તો લેતાં જમણી તરફ ચોમુખ ( ચોરીવાળું ) જીનાલય છે. પશ્ચિમ દક્ષીણ પૂર્વ અને ઉત્તરના બીંબોમાં અનુક્રમે ગચ્છપશશી, કમળ અને સ્વસ્તીકનાં ચીન્હ છે.

---

## પ્રકરણ ૭ મું.

---

### ભીમકુંડ.

કોટમાં પેસતાં ભીમકુંડ નામનો કુંડ આવેલો છે. તેમાં ડુંગરમાંથી પાણીનું ઝરણુ ત્યાં આવે છે તે કુંડ કોટથી થોડે દૂર ચાલતાં દક્ષીણી બાજુમાં છે. આ કુંડ કાળા પથ્થરથી બંધાએલો છે ઉપર વૃક્ષની ઘટા છે. તેને ફરતી વંડી છે. આ કુંડ ભીમના પ્રહારથી પાતાળ ફોડી ભીમે પાણી કહાડેલું છે એમ ગીરનાર માહાત્મમાં તેનું વર્ણન આપેલું છે.

### હાથી પગલું.

ભીમ કુંડ ઉપરથી એક બારીને રસ્તેથી હાથી પગલે જવાય

છે. અહિં એક નાનો કુંડ છે. તેમાં ગજપદ આકૃતીનો એક ગોળ પથ્થર પાણીની વચ્ચોવચ છે. તેનું મહાત્મ સ્કંદ પુરાણમાં એ ઇંદ્રના ઐરાવત હાથીએ અહિં પગ મેલી જળ કાઢેલું છે. તેમાં સ્નાન કરી દાનાદીક કર્મ કરવું તેવું લખેલું છે.

## સાતપુડો પહાડ.

કોટમાંથી થોડા ઉપર ચડતાં કોટનો બીજો દરવાજો આવે છે તેમાં થઈને ઉપર જતાં રાજલ વીજલની ગુફાની પાસે થઇ સાતપુડા પહાડ તરફ જવાય છે. આ જગ્યા ગીરનારની દક્ષીણાદિ તરફ આવેલી છે. ત્યાં એક ગુફાની અંદર પાણીનું ઝરણુ બારે માસ વહ્યા કરે છે. કોઇ વખત થોડા વરસાદથી પાણીની ગીરનાર પર મહા તંગી પડે છે, ત્યારે લોકો ત્યાંથી પાણી લાવે છે. આ પાણી ઘણું સારૂં અને અનાજ પચાવવામાં ગુણકારી છે.

ક્ષય વીગેરે રોગવાળા અશક્ત માણસો ડાકટરોની ભલામણથી ગીરનાર ઉપર હવાને માટે રેહે છે. તેને આ પાણી અને ચોમાસા સીવાયની હવા ઘણી માફક આવે છે. આ પાણી પહાડની અંદર પહાડના સાત પડમાંથી ફીલટર થઇ આવતું હોવાથી ઘણા સારા ગુણ ધરાવે છે અને તેથી આ પહાડનું નામ પણ સાતપુડો પડેલું છે.

## ગૌમુખી ગંગા.

આ જગ્યાએ એક મોટો કુંડ બાંધેલો છે તેમાં ડુંગરમાંથી પાણીનું ઝરણુ આવે છે. તે ઝરણના મુખ આગળ ગૌમુખ આકૃતી છે. તેમાંથી જળધારા આ કુંડમાં પડે છે. તેને "ગૌમુખીગંગા" કહે છે. આ હીંદુઓના તીર્થનું સ્થાન છે. બીજી પણ હાલ એક

બે ટાંકીઓ બંધાયેલી છે. ત્યાં શીવાલયો છે, લોકોને ઉતરવાની સોઇ સારી છે. તેની બાજુમાં નાગર ગૃહસ્થ ગીરધરલાલ માધવરાયની બંધાવેલી ધર્મશાળા આવેલી છે. ને તે હાલ નાગરી જ્ઞાતિની દેખરેખ નીચે છે. આ જગ્યાએ ત્રભેટો છે. અને ત્યા અંબાજી, શંતદાસજી, તથા કોટમાં જવાના એમ ત્રણ રસ્તા ભેળા થાય છે. ત્યાંથી અંબાજીની ટેકરી ઉપર ચડવાનો ચડા છે. અંબાજીને ડેરે જતાં રસ્તામાં સાચાકાકાની જગ્યા આવે છે ત્યાં આગળથી અંબાજીની ટેકરી ઉપર જવાય છે.

## શ્રી અંબાજી.

ગીરનારની સૌથી ઉંચી ટેકરી ઉપર આ મંદીર બંધાએલું છે. આ મંદીર કાળા પથ્થરની બાંધણીથી શીખરબંધી બંધાએલું છે. તેના આગળના ભાગમાં મંડપાકૃતિથી ચોક આવેલો છે. ડેરામાં અંબાજી માતાની મુરતી બીરાજે છે. દેખાવ ભવ્ય અને ચીત આકર્ષિત છે. માતાજીના દર્શન કરવાને હજારો ગાઉથી લોકો અહિંઆ દર્શનાર્થે આવે છે. તેની માનતાઓ ચાલે છે. આ મંદીર અતીત સાધુઓની માલેકીનું છે તેનું ગામમાં સ્થાનક ભીડભંજન મહાદેવની જગ્યામાં છે. આ માતાજી પાસે નાળીયેર વધેરવા શીવાય હિંસક હત્યા કોઇ પણ પ્રકારની થતી નથી, તેમજ માતાજીની મુરતી પાસે ઘીની જોતો ( દીવા ) અખંડ બળ્યા કરે છે.

આ ટેકરી ઉપરથી શહેરનો દેખાવ તેમજ આસપાસના ગામોનો દેખાવ ડુંગરોના ઢરાણ ઉંચાણ પ્રદેશ, પાણીના ઝરણો ને વનસ્પતીઓની ઘટાઓ જોવાથી માણસનું મન આનંદ પામે છે.

## ગોરખનાથની ટુંક.

અંબાજીથી પાછળના ભાગમાં ઉતરતાં નીચાણના ભાગમાં આ ચોથી ટુક આવે છે તે ઓઘડની ટુકના નામથી પણ ઓળખાય છે.

ત્યાં ગુફામાં જતાં અંદર ગોરખનાથનાં પગલાં છે. ત્યાંથી આશરે ચારશે ફીટ નીચે ઉતર્યા પછી પાંચમી ટુંક શ્રીગુરૂ દત્તાત્રયની આવે છે ત્યાં શ્રીગુરૂદત્તાત્રયનાં પગલાં છે. આ માર્ગે જવું ઘણું વીશમ પડે છે.

ત્યાંથી છઠ્ઠી ટુક ઉપર જતાં કમલકુંડ આવે છે. આ કુંડના નીચાણના ભાગમાં આશ્ચર્યકારક વનસ્પતીઓ થાય છે. તે રતન બાગના નામથી તેટલો ભાગ ઓળખાય છે. સુગંધીત વાળો વીગેરેના વૃક્ષો તેમજ ઘણી શોધે હાથ ન લાગે તેવી અમર ઔષધિઓ બારે માસ તાજી અને લીલી આ ભાગમાં મળે છે તેને માટે ઘણા વિદ્વાનો તેમજ વૈદો અહિં તેની શોધ કરવા માટે આવે છે. વિશ્વવિખ્યાત થએલી અને બચ્ચાનાં સર્વ રોગ નાશકારક અમર ઔષધિની બનેલી અને યોગીની બતાવેલી "**ગીરનારી બાળા ગોળીઓ**" આ રતન બાગની ઔષધિઓથી બનાવવામાં આવે છે. તેના સેવનથી બચ્ચાનાં અનેક રોગો દુર થઇ કાન્તીવાન અને તંદુરસ્ત બને છે.

## કાળકાની ટુંક.

ત્યાંથી સાતમી ટુક ઉપર જવાય છે. આ માર્ગે ઘણોજ વીશમ

---

આ ગોળીઓ જુનાગઢવાળા હરજીવનદાસ ન્યાલચંદને ત્યાં બને છે અને જેની ત ગોળી ૨૦૦ ની ડબીનો ફક્ત રૂ ૦-૮-૦ છે. પો. ખ. જુદુ પડશે.

અને અઘરો છે. આ જગ્યાએ કોઇ મહાપુરૂષો ( જોગીઓ ) કે મહા જોરાવર માણસોજ જઇ શકે છે. ત્યાં જવા માટે એવી દંતકથા ચાલે છે કે "બે માણુસ જાય તો એક પાછું આવે છે" એ વાત સત્ય માનવા જેવી છે કારણ કે રસ્તો ઘણો વિકટ અને વિકરાળ છે તેથી નુકશાન લાગવા સંભવ છે. એવું પણ કહેવાય છે કે ત્યાં અઘોરી બાવા પણ રહે છે. તે હિંસક પ્રાણીનું સ્વરૂપ ધારણ કરી મનુષ્ય ભક્ષણ કરી જાય છે. એવા દાખલા કોઇ કોઈ વખતે બને છે. એમ કહે છે.

આ જગ્યાએ કાળકા માતાનું ભોંયરૂં છે અને તેમાં માતાનું ત્રીશુલ તથા મુર્તી છે.

આ ટુક આગળથી શ્રીગીરનારની પાછળના ભાગમાં ઉતરી જવાનો રસ્તો છે.

અહિંથી પાછા ફરતાં ગૌમુખીના દેવળ આગળ થઇ સંતદાસજી તથા આચાર્યજી મહાત્માશ્રીની જગ્યા તરફ જવાય છે.

## સંતદાસની જગ્યા.

આ જગ્યામાં ખાખીબાવા શંતદાસજી નામના સાધુ રહે છે. તેમજ ત્યાં રામચંદ્રજીનું ભવ્ય મંદીર છે તથા ધર્મશાળાઓ છે. મુસાફર વર્ગને ઉતરવા માટે સોઇ ઘણીજ સારી છે તેમજ પાણી પાગરણ વીગેરે ત્યાં આગળ મળે છે તેમજ રસોઈ કરી જમવા માટે ઠામ વાસણ પણ મળી શકે છે તેમજ આ જગ્યા હવાલાયક અને મનોહર છે. અને ત્યાં દાલીયા વીગેરેનું સદાવ્રત આપવામાં આવે છે.

## ભૈરવજપનો પથ્થર.

સંતદાસજીની જગ્યા પાસે આ ભૈરવજપ નામનો મોટો પથ્થર આવેલો છે. તેની નિચાણનો ભાગ ઘણોજ ઉંડો છે. તેથી ત્યાં પથ્થર ઉપર કોઇ જઈ શકતું નથી પહેલાંના વખતમાં જેને આત્મઘાત કરવો હોય તે તે પથ્થરપર ચડી પડતુ મુકતા તેથી તેણે ભૈરવજપ ખાધો એમ કહેવાતું " હાલ પણ ઉતાવળ કરનાર કોઇ પણ લોકોને ભૈરવજપ ખામાં એવી કહેવત કહેવામાં આવે છે. "

## આચાર્યજીની જગ્યા ( પથ્થર ચટી )

રામાનુંરાજ સંપ્રદાયના આચાર્યજીની આ જગ્યો સંતદાસજીની જગ્યાની પુર્વાદી બાજુએ નીચાણમાં આવેલી છે. અહી શ્રી રામચંદ્રજીનું મંદીર છે. જગ્યા આચાર્યજી સંપ્રદાયના સાધુ લોકોની માલેકીની છે અને ત્યાં પણ પાણી પાગરણ વગેરે તથા ઠામ વાસણ રસોઈ કરવા માટે મળી શકે છે, ત્યાં ધર્મશાળાઓ તેમજ ઉતરનાર માણુસની સારી સંભાળ લેવામાં આવે છે અને ત્યાં ખીચડીનું સદાવૃત દેવામાં આવે છે. અહિંથી ઉતરી " ગેબી નામના રસ્તેથી તળાટીમાં અવાય છે, ત્યાં નીચે લખેલાં સ્થાન આવે છે.

## શેશાવન ભરતવન.

આ જગ્યામાં ખાખીબાવા સાધુ રહે છે. ત્યાં આંબા, વાંસ તથા બીજા અનેક જાતની વનસ્પતીઓની ઘાડી ઝાડી છે. અહિં આવતાં રસ્તામાં એક સીતામઢી નામની જગ્યા આવે છે.

## ભરતવન.

આ જગ્યામાં આંબાનાં વૃક્ષો ઘણાં છે, અને જંગલી પશુ પક્ષી જેવાં કે વાંદરાં, વાઘ, વરૂ, મોર, ઇત્યાદી જંગલી જનાવર પણ રહે છે ત્યાં આગળ એક રામચંદજીનું મંદીર છે. ત્યાં બાવો રહે છે. આ જગ્યા મનોહર, સુંદર અને એકાંતને માટે સર્વથી શ્રેષ્ટ છે તેમ પાણીની સગવડ સારી છે. ત્યાં એક સુંદર બગીચો છે. તેમાં લીંબુનાં વૃક્ષ ઘણાં છે, અને તે ફળો ઘણાં સારાં અને વખાણવા લાયક છે.

## લાખાવન હનુમાન ધારા.

આ જગ્યામાં આંબા તથા બીજી ઘણી જાતની વનસ્પતીઓને વાંસના ઘાટાં જંગલો છે.

## હનુમાનધારા.

ત્યાંથી હનુમાન ધારા તરફ જવાય છે. આ જગ્યાએ હનુમાનજીની મુરતી છે અને તેના મુખારવીંદમાંથી પાણીની જળધારા વહે છે ત્યાં બાવા સાધુ રહે છે, અને ઝાડી પણ ઘણીજ છે. પાછા ત્યાંથી ફરતાં સેશાવન આવીને તલાટીમાં આવવાનો રસ્તો છે તે માર્ગ ઘણો વિકટ છે તેથી તેનું નામ “ ગેબી માર્ગ ” એવું નામ પડેલું છે.

**સમાપ્ત.**

# દામાકુંડનું ચિત્ર.

રેવતાચળ પર્વત સહીત, તેમજ દામોદરજી અને બલદેવજીનાં મંદીરો સહીત તાદ્રશ દેખાવથી કુશળ કારીગરોના હાથે મોટા ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે.

કીંમત ૦-૬-૦

મળવાનું ઠેકાણું:—
હરજીવનદાસ ન્યાલચંદ ભટ્ટ.
જુનાગઢ.

# ગીરનારી બાળા ગોળીઓ.

આ ગોળીઓ વિશ્વ વિખ્યાત થએલી ત્રેવીસ વર્ષથી બચ્ચાંના લાભાર્થે પ્રસીદ્ધીમાં મુકાએલી છે. જે તદ્દન ગીરનાર પહાડની તાજી વનસ્પતીમાંથી બને છે. તે યોગીની પ્રસાદી છે. બચ્ચાંનું નવું જીવન છે, તે શક્તિનો રાજા છે, રોગનો શત્રુ છે. ટુંકામાં પવિત્ર ગીરનારની ઓષધીઓનું માખણ છે, અમૃત છે. કીંમત ગોળી ૨૦૦) ના ડબીનો ૦-૮-૦ પો. ખર્ચ જુદું.

# ગિરનારનું ચિત્ર.

આખા ગિરનારમાં આવેલાં દેવસ્થાનોનાં સ્થળોનાં ચિત્રો, રસ્તા સહિત દેખાડવામાં આવ્યાં છે.

કીંમત ૦-૬-૦

મળવાનું ઠેકાણું:—

**હરજીવનદાસ ન્યાલચંદ ભટ્ટ—મુ. જુનાગઢ.**

છપાય છે ! છપાય છે !

# ગિરી કલ્પ તરૂલતા

અથવા

# ગિરનાર માહાત્મ.

## પ્રથમ ભાગ.

આ ગ્રંથ ખરેખર મનન કરવા લાયક છે. જેની અંદર ગીરનાર માહાત્મ સાથે જમાનાને અનુસરતા ચમત્કારીક. ધાર્મીક, સચોટ દ્રષ્ટાંતો પણ છપાયેલો છે અને તેથી વાંચનાર મનુષ્યને આનંદ સાથે સત્‌માર્ગે દોરે છે. વિદ્વાનોના સારા અભિપ્રાય મળ્યા છે.

પ્રથમથી ગ્રાહક થનાર પાસેથી રૂ. ૧-૪-૦ પાછળથી રૂ ૧-૮-૦ પોસ્ટેજ જુદુ.

મળવાનું ઠેકાણું—

હરજીવનદાસ ન્યાલચંદ ભટ્ટ.

જુનાગઢ.